પાટણ પ્રતિબિંબ

વર્ષ ૭ • અંક ૮ • સળંગ અંક ૭૯ • મુંબઈ • જૂન ૨૦૧૩ • પાના ૧૬ • છૂટક નકલ રૂા. ૨/-

• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 2281 1346 • ટેલિફેક્સ : 22811218 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com

પ્રમુખસ્થાનેથી...✍

સ્નેહી સ્વજન,
જય જિનેન્દ્ર !

આકળવિકળ આંખકાન વરસાદ ભીંજવે,
હાલક ડોલક ભાનસાન વરસાદ ભીંજવે,
અહીં આપણે બે અને વરસાદ ભીંજવે,
મને ભીંજવે તું તને વરસાદ ભીંજવે !

ગ્રીષ્મ ઋતુના સખત તાપ પછી વર્ષાનુ આગમન જીવ માત્રના હૈયાને ભીંજવી જાય છે. એક પછી એક દૃશ્યો આપણી નજર સામેથી સરી પડે છે. ઉમડતા વાદળ, બોઝલ ઘટા, મંદમંદ પવન, કલરવ સાથે અટકેલી કરતાં પક્ષીઓ, પ્રેમ નિનાદ કરતાં વહેતા ઝરણાં, હવાના ઝોંકાથી કર્ણપ્રિય સંવાદ રચતા વૃક્ષના પર્ણો, ભીની માટીની મનભાવન સોડમ એકલતાના કિનારે આહોશમાં આળોટતા પ્રેમી પંખીડા વિગેરે કેટલું બધુ કહી જાય છે.

ઝરમરતા વરસાદની છમછમ, ચકલીની થરથરતી પાંખો, લીલા ઘાસ પરથી ખરંતા મોતીબિંદુ અને ગેલમાં આવતા ભીંજાતા નિર્દોષ ભૂલકાઓ સ્મૃતિઓની વણઝારને આવ્હાન આપે છે. મહોરતા, મહેકતા અને ઝૂલતા ગુલમહોર, ઉડતા પતંગિયા, ફૂટતી કૂપળો અને વિચારોની વ્યથા અને કથા અનેરી હોય છે.

અમેરીકામાં સ્થાયી પટણીઓને નમ્ર વિનંતી :

પ્રતિબિંબ - મે ૨૦૧૩ ના અંકમાં **Centre Pages** પર અમેરિકામાં સ્થાયી થયેલ **NRI-Patani** ને સંબોધીને, પાટણના વિદ્યાર્થીઓ જેઓ અમેરીકન યુનિવર્સિટીમાં ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા હોય તેમને અમેરીકામાં જ વગર વ્યાજે અમેરીકન ડોલરમાં લોન આપવા માટે સક્ષમ એવા મહાનુભાવોને **PJM's "Sarvottam Shikshan Sahay in USA"** પ્રોગ્રામમાં જોડાઈ **'Sponsor- mentor'** થવા અપીલ અને આ પ્રોગ્રામનો **Overview** આપેલ હતો. આપની જાણ માટે આ અંકના **Centre Pages** માં ફરી પ્રકાશીત કરીએ છીએ.

પાટણ મંડળમાં ૫૦ વર્ષ કરતા પણ વધુ સમયથી ઉચ્ચ અભ્યાસ માટે વિદ્યાર્થીઓને વગર વ્યાજે લોન અપાય છે. જે સો ટકા પાછી આવે છે. આપણી પાટણ બેન્કમાં પણ આવો જ સુખદ અનુભવ છે. પાટણ બેન્કમાંથી અપાયેલ સસ્તા વ્યાજની વિદ્યાર્થી લોન પુરેપુરી વ્યાજ સાથે પાછી મળે છે. **માટે આપણે વિશ્વાસપૂર્વક માની શકીએ કે અમેરીકામાં વિદ્યાર્થીને અપાયેલી વગર વ્યાજની ડોલર લોન અમેરીકન પટણી Sponsor-Mentor ને પુરેપુરી ચોકકસ પાછી મળશે.** અમેરીકામાં સ્થાયી થયેલા પાંચ પટણીઓ દરેક, એક વિદ્યાર્થીને એટલે કે પાંચ વિદ્યાર્થી માટે, **Sponsor-Mentor** બનશે તો આપણે દર વર્ષે પાંચ વિદ્યાર્થીઓને જીવનમાં આગળ લાવી, તેમના દ્વારા તેમના ભારતમાં રહેતા પાંચ કુટુંબો જીવનમાં ઉંચા આવશે. મંડળની આ માટેની ઉમદા યોજનામાં વહેલી તકે જોડાવાની મારી આપને નમ્ર અપીલ છે. **ભારતમાં રહેતા પટણીઓ જેમના સગા સબંધીઓ અમેરીકામાં સ્થાયી થયા છે અને આ યોજના માટે Sponsor-Mentor થવા સક્ષમ છે, તેમનો Emai ID, Phone No. નામ-સરનામા સાથે અમને જણાવશો તો અમે તેમનો સીધો સંપર્ક કરીશું.** શકય છે કે ઘણાં મહાનુભાવો આ યોજના વિશે હજુ અજાણ છે.

NRI PATANIS are requested to read
THE CENTRE PAGES OF THIS ISSUE

એક અનેરી વિચારધારા :

સેવા સાધનાની અનેકવિધ પ્રવૃત્તિ કરતી આપની સંસ્થા વિવિધ ક્ષેત્રે અનન્ય કાર્ય કરી રહી છે. પ્રતિબિંબના માધ્યમથી જે સૌને વિદિત થાય છે. ખડાખોટડીના પાડાના **શ્રીમતી હંસાબેન બાલુભાઈ શાહે** સીનીયર સીટીજન કોરપસ ફંડ ખાતે તેમના પતિ **સ્વ.શ્રી બાલુભાઈ છોટાલાલ શાહ**ની સ્મૃતિમાં રૂપિયા પાંચ લાખની સખાવત સંસ્થાને મોકલી આપેલ છે. સંસ્થા **શ્રીમતી હંસાબેન**ની દીર્ઘદૃષ્ટિ અને વિચારધારાને બિરદાવી ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

ફ્રી મેડીકલ કેમ્પ :

રવિવાર, તા.૧૬-૦૬-૨૦૧૩ ના રોજ શ્રી પાટણ જૈન મંડળના વાતાનુકુલિત સભાગૃહમાં શ્રી પાટણ જૈન મંડળ તથા લોઢા ફાઉન્ડેશનના

સંયુકત ઉપક્રમે સેમીનાર અને ઈન્ફોર્મેશન સમિતિ દ્વારા ફ્રી મેડીકલ કેમ્પનું ઉત્કૃષ્ટ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૧૨ વ્યકિતઓએ લાભ લીધો હતો. સમિતિના મંત્રી શ્રી દિપકભાઈ કીર્તિકુમાર શાહ તથા સમિતીના સભ્યોન કેમ્પની સફળતા બદલ હાર્દિક અભિનંદન પાઠવું છું. લોઢા ફાઉન્ડેશન દ્વારા પરિક્ષણ માટે મોકલાવેલ ડૉ.નિલેશ રોડે તથા ટેકનીશ્યનોએ આધુનિક મશીનરી સાથે અનન્ય કામગીરી બજાવી હતી. સંસ્થા તેઓનો આભાર માને છે.

શિક્ષણ અને મેડીકલની વિવિધ યોજના માટે
કોરપસ ફંડ અને ગયા વર્ષ દરમ્યાન સહાયની વિગતો :

પ્રતિબિંબના આ અંકમાં અન્યત્ર પાના નં. ૪ અને ૫ ઉપર દર્શાવેલ ઉપરોકત વિગતોનો અભ્યાસ કરતાં આપને ખ્યાલ આવશે કે, તોટાને સરભર કરવા મંડળના કુલ કોરપસ ફંડમાં હજુ વધારો કરવાની આવશ્યકતા છે. **છેલ્લા ચાર વર્ષમાં સમાજના દાનવીરોએ મંડળના કોરપસ ફંડમાં રૂા.૬.૫ કરોડ ઉપર વધારો કરી મંડળનું કોરપસ ફંડ રૂા.૧૬ કરોડ ઉપર પહોંચાડયું છે. તે માટે આ સર્વે દાતાઓની સાભાર અનુમોદના.** ભવિષ્યની માંગને ધ્યાનમાં રાખી મંડળના કોરપસ ફંડને રૂા.૨૫ કરોડ કરવા આપણે સૌએ તનતોડ પ્રયાસ કરવા પડશે. આભાર..!

□ પ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટી,
શ્રી પાટણ જૈન મંડળ

મંડળના સામાન્ય સભાસદો જોગ

શ્રી પાટણ જૈન મંડળના જે સામાન્ય સભાસદોનું ત્રિવાર્ષિક લવાજમ તા.૩૧-૦૩-૨૦૧૩ ના દિને પુરૂ થયેલ હોઈ, તેઓને તા.૧-૦૪-૨૦૧૩ થી શરૂ થતાં નવા વર્ષ માટેનું ત્રિવાર્ષિક લવાજમ રૂા.૧૫૦/- સમયસર ભરવું જરૂરી છે.મંડળના મુખ્ય કાર્યાલય ઉપરાંત ગોરેગામ તથા રતનનગર અને પાટણ ખાતેના શાખા કાર્યાલયમાં પણ આપશ્રી આપના લવાજમની રકમ ભરપાઈ કરી શકો છો.

❑ માનદમંત્રી (એડમીનીસ્ટ્રેશન)

વિકલાંગ એકદિવસીય પ્રવાસ

જ્યારથી નાયગાંવ ખાતે 'લોઢાધામ'માંપ્રતિષ્ઠાર્થે જવાનું થયું ત્યારે જ થયું આપણા બાળકો માટે એક દિવસની જાત્રા માટેનું આ આદર્શ સ્થળ. શ્રીમતી મંજુ મંગલપ્રભાત લોઢાને મળીને જાણ કરી કે 'દિશા'ના બાળકોને લોઢાધામમાં જાત્રા કરવાની ભાવના છે. સસ્મિત જવાબ મળ્યો કે તમારા બધાનો સહર્ષ આવકાર છે. દિવસ નક્કી થયો તો કહે કે બસ પણ અમારી જ! તેમના તરફથી ફ્રી ટ્રાન્સપોર્ટ અને ત્રણ ટાઈમનું VIP આતિથ્ય! સાથે જ ગરમી બહુ જ પડે એટલે મોટો એસી હોલ, સુંદર પથારી તો ખરી જ! અને બધું જાણે કોઈ મોટા મહેમાન હોય તેમ આગતા-સ્વાગતાથી ભરપૂર!

પહોંચીને નવકારશી કરી અને સેવા-પૂજા-ચૈત્ય વંદન તથા આરતી-મંગળ દીવો. ત્યારબાદ બપોરનું રસ-પૂરીનું જમણ અને પછી સ્વાદિષ્ટ ઠંડી ઠંડી લસ્સી! પછી તો રમતો રમવાની ખૂબ જ મજા પડી. ત્યાં ગયા અને જો તેમની સુંદર ને વિશાળ લાયબ્રેરીની મુલાકાત ન લઈએ તો આ યાત્રા અધૂરી ગણાય. છેલ્લે ત્યાંના થિએટરમાં શત્રુંજયની ભાવયાત્રા! જાણે આદેશ્વર દાદાની સદેહ જાત્રા કરી! ઘરે પાછું ફરવાનું પણ કોઈને મન નહીં! શ્રી મંગલપ્રભાત લોઢા અને શ્રીમતી મંજુ લોઢાના ખૂબ ખૂબ આભારી છીએ !

□ વિકલાંગ ઉત્કર્ષ સમિતી

હાર્દિક અભિનંદન

પાટણ મનમોહનજીની શેરીના ડૉ. દક્ષાબેન તથા ડૉ.મહાજય જયંતિલાલ પટણી (બોરીવલી)ની સુપુત્રી કુ. ડૉ. ઈશીતા પટણીને DNB Dermotology Post Graduate in skin - Diploma to National Board - New Delhi ની પરીક્ષામાં ઉચ્ચ ગુણાંકે ઉત્તીર્ણ થવા બદલ માતુશ્રી વિમળાબેન જયંતિલાલ મણીલાલ પટણી સમસ્ત પરિવાર તથા શ્રી પાટણ જૈન મંડળ હાર્દિક અભિનંદન પાઠવે છે. જિંદગીના પ્રત્યેક વળાંક પર ઉત્તરોત્તર પ્રગતિને પંથે પ્રયાણ કરે તે જ શુભેચ્છા.

શ્રી શંખેશ્વર તીર્થમાં માણિભદ્ર રેસીડન્સી 1 BHK Apt.

ભારતભરના સમસ્ત જૈન સમાજ માટે ભવ્ય પ્રી લોન્ચીંગ ઓફર 25% Discount

પૂનમ-બેસતો મહિનો-વદ દશમ ભરતા શ્રી શંખેશ્વર તીર્થના યાત્રિકો માટે ઉત્તમ તક

* પઝેશન ડીસેમ્બર ૨૦૧૪
* ૧૦૦% લોન પેપર મળશે
* દરેક બેંકમાંથી લોનની વ્યવસ્થા
* બુકીંગ ચાલુ છે - મોકાની જગ્યા
* દરેક બ્લોકમાં લીફ્ટ
* વિશાળ પાર્કીંગ ની વ્યવસ્થા
* ૨૪ કલાક પાણી-ડ્રેનેજ-સિક્યોરીટી-કંપાઉન્ડ વોલ
* મુખ્ય જીનાલયથી ખુબ નજીક

શ્રી પાટણ જૈન મંડળનાં સભ્યોને ખાસ વધુ ડિસ્કાઉન્ટ તા. ૧-૦૮-૨૦૧૩ સુધી મળશે

શ્રી શંખેશ્વર સાઈટ : માણિભદ્ર રેસીડન્સી, સમ્યક ડેવેલોપર્સ, દાદાવાડી સામે, શંખેશ્વર તીર્થ, ગુજરાત.
ફોન નં:૦૨૭૩૩ ૨૯૫૨૬૩, વસરામભાઈ ૦૭૬૯૮૩૯૮૫૫૫, **અમદાવાદ ઓફિસ :** સમ્યક ડેવેલોપર્સ : હેમકુંજ ૧૮, જૈન નગર, પાલડી, અમદાવાદ, નરેશકાકા ૦૯૮૨૫૦૬૪૦૩૭, દીપ (ઓફીસ) ૦૭૬૯૮૧૯૮૫૫૫, મનન મહેતા ૦૯૯૨૫૦૬૪૦૩૭,
માણિભદ્ર ડેવેલપર્સ : "માણિભદ્ર", ઝવેરી બજાર, સોની વાળા ચાર રસ્તા, શાંતિભુવન હોટલ પાસે, પાટણ।
Piyush Rami: 7600627961, 09978839777, Phone: 02766-226999, E-mail: piyushrami18@gmail.com

advt

તંત્રીસ્થાનેથી...

ભ્રષ્ટાચારનો ભોરિંગ

ઈજજતના વસ્ત્રને જે ધારણ કરે છે, એની આબરૂ ટકી રહે છે. એની લાજ કયારેય લૂંટાતી નથી. પરંતુ વસ્ત્રને જે ઈજજત માનતો હોય છે એનો રૂઆબ ગમે તેટલો જોવા મળતો હોય, તો પણ તેની આબરૂની ધૂળધાણી થતાં વાર નથી લાગતી. હકીકતમાં જેની પાસે પૈસા છે, તે સત્તા મેળવવા હવાતિયા મારે છે. અને જેની પાસે સત્તા છે તેઓ પૈસા મેળવવા અધમ રસ્તા આચરી રહ્યા છે, આ જુગલબંધીએ દેશ અને સમાજનું સત્યાનાશ વાળ્યું છે.

આજે નેતાઓને ગતિનું આકર્ષણ છે પણ દિશાનો વિવેક નથી. સાધનોનું આકર્ષણ છે અને ઉપયોગની સમજ નથી. ભ્રષ્ટાચાર જન-માનસ પર આડઅસર સર્જીને લોકોને અધમ અપરાધ કરવા પ્રેરે છે. આખી વ્યવસ્થા ઉપરથી લઈ નીચે સુધી વિકૃત અને વિષમ બની રહી છે. **સંબંધોની દુનિયાનું સ્થાન આજે સ્વાર્થ, સંપત્તિ અને સત્તાએ લીધુ છે. નૈતિક અને સામાજિક સમસ્યાને વિકટ અને વિપરિત બનાવે છે.** ધનલંપટ લોકોએ તમામ નિતિ નિયમો નેવે મૂકયા છે. પરિણામે તેમની મનાતી આવડત આદતમાં પરિણમે છે. **રાજકારણ અને ભ્રષ્ટાચાર વિવેક અને ચેતના જગાડવાને બદલે ઉન્માદ જગાડે છે.** પ્રેમમાં પ્રીતનું તત્ત્વ પ્રસન્નતાની અનુભૂતિ કરાવે છે જયારે ભયમાં ઉદ્વિગ્નતાનું તત્ત્વ ત્રાસની વણગમતી અનુભૂતિ કરાવે છે. મન ક્ષેત્રે સંતોષ અને શરીર ક્ષેત્રે સંયમ એ બે ઉદત્ત પરિબળોની પ્રતિષ્ઠા કરવા અને લોકોને ચિંતનશીલ બનાવવા સ્મૃતિલક્ષી પધ્ધતિ પર પૂર્ણવિરામ મૂકવું આવશ્યક નથી લાગતું ?

ગરીબીરેખા હેઠળ જીવતી ૪૦ ટકા પ્રજાને પાયાની જરૂરિયાત માટે સરકારી અધિકારીઓની દયા ઉપર જીવવું પડે છે. મૂળભૂત સુવિધાઓ માટે ટ્રાન્સપેરન્સી ઈન્ટર સંસ્થાના અહેવાલ અનુસાર દર વર્ષે સરકારી અધિકારીઓને ૮૮૩ કરોડ રૂપિયાની ચુકવણી થાય છે. પોલીસ કર્મચારીઓ દ્વાર રૂા. ૨૧૫ કરોડ સમાજકંટક તત્ત્વો દ્વારા અનૈતિક પ્રવૃત્તિઓને છત્ર પુરૂ પાડી હપ્તાઓ વસુલ કરવામાં આવે છે. સરકારી દવાખાના કે હોસ્પીટલના સંચાલકોને આરોગ્યની સુવિધાનો લાભ ઉઠાવવા રૂા.૮૭ કરોડ ચુકવવામાં આવે છે. તેઓ પોતાનું ઘર બાંધવા સરકારી અધિકારીઓને રૂા.૧૫૭ કરોડ ચૂકવે છે. પીવાના પાણી માટે પણ રૂા.૨૪ કરોડ ચુકવવા પડે છે.

ઈ.સ. ૧૯૮૫ માં તત્કાલિન વડાપ્રધાન સ્વ.રાજીવ ગાંધીએ કહ્યુ હતું કે, વિકાસના કાર્યો માટે કેન્દ્ર તરફથી મોકલાયેલ ૧ રૂપિયામાંથી માત્ર ૧૫ પૈસા જ ગરીબો સુધી પહોંચે છે, એનો અર્થ એવો થાય છે કે, ઉપરના ૮૫ ટકા રકમ પ્રધાનો, સરકારી અધિકારીઓ અને કોન્ટ્રાકટરો હજમ કરી જાય છે. ઈ.સ. ૧૯૪૮ માં તત્કાલિન સંરક્ષણ પ્રધાન વી.કે.મેનન ઉપર લશ્કર માટે ૪૦૦૦ જીપોની ખરીદીમાં કમીશન લેવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.

.ઈ.સ. ૧૯૫૭ માં મુંદરા કરાર હેઠળ એલઆઈસી એ નુકશાનીમાં ચાલી રહેલ ખાનગી કંપનીના શેર ખરીદવા બદલ ટી.ટી.કે. એ રાજીનામુ આપવું પડયું હતું. ૧૯૭૧ માં એસ.બી. આઈ.ના કરચોરી બદલ રૂસ્તમ સોહરાબ નગરવાલાએ ઈન્દીરા ગાંધીના કથિત ફોનના પગલે રૂા.૪૦ લાખની રકમ ઉપાડી હતી. જો કે આ કેસમાં પાછળથી ભીનું સંકેલવામાં આવ્યું હતું.

ઈ.સ. ૧૯૮૭ માં રાજીવ ગાંધી વડાપ્રધાન હતા ત્યારે બોફોર્સ તોપની ખરીદીમાં ૬૪ કરોડ રૂપિયાના કમિશનનું કૌભાંડ બહાર આવ્યું હતું. ઈ.સ. ૧૯૯૨ માં સ્ટોક બ્રોકર હર્ષદ મહેતાએ તત્કાલિન વડાપ્રધાનને ભીનુ સંકેલવા રૂા.૧ કરોડ આપ્યાની કબુલાત કરી હતી. આ આક્ષેપને પુરવાર કરે તે પહેલાં જ તેમનું જેલમાં અવસાન થયું. ૧૯૯૯ માં ચારા ગોટાળા દ્વારા ભ્રષ્ટાચાર માટે બિહારના મુખ્યપ્રધાન લાલુ પ્રસાદે વહેતી ગંગામાં હાથ ધોયા હતા. ૨૦૦૪ માં યુ.પી.એ.ની સરકાર આવતા લાલુ પ્રસાદ રેલ્વે પ્રધાન બન્યા હતા.તેઓની સામેની સી.બી.આઈ.ની તપાસ ઢીલી પડી હતી. ઈ.સ.૨૦૦૧ માં તહેલકાના સ્ટીંગ ઓપરેશનમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ બંગારૂ લક્ષ્મણને રાજીનામુ આપવું પડયુંહતું. તત્કાલિન સંરક્ષણ પ્રધાન શ્રી જયોર્જ ફર્નાન્ડીસ પણ કોફીન માટે લાંચ લેવાના આક્ષેપ થયા હતા. ભારતના વિવિધ પક્ષો ભલે સત્તા માટે ઝઘડતા હશે પરંતુ ભ્રષ્ટાચાર આચરવાની વાતમાં તેઓ અભૂતપૂર્વ સંપના દર્શન કરાવે છે. આવ ભાઈ હરખા આપણે બન્ને સરખા !

ભ્રષ્ટાચાર નિવારણ માટે ભગવાન બુધ્ધે ૨૫૦૦ વર્ષ પૂર્વે કહ્યુ હતું કે, પ્રધાનોના (સંચાલકોના) વ્યકિતત્વ અને તેની પ્રજા પર થતી અસર આજે પણ (ટુ.જી. થી લઈને હેલીકોપ્ટર) કૌભાંડ સુધી એટલું જ મહત્વ ધરાવે છે. આ સંજોગોમાં ન્યાય ભાવના વિસરાઈ જાય છે. સંજોગોનુસાર વિશ્વસનીય માણસો (સારા સંચાલકો) સેવામાંથી નિવૃત્તિ લઈ લે છે. સમજદાર વ્યકિતઓ મૌન સેવે છે અને ખુશામતિયા અને કાવાદાવા કરનારાઓનું શાસન ચાલે છે. શાસન પ્રભાવહીન બને છે અને ન્યાય દંડ ધુળમાં રગદોળાય છે. આવા શાસકો પ્રજાના સુખચેનના લુટારા અને અધમ છે. કારણ કે આવા કામો તેઓ સત્તાના સિંહાસન ઉપર રહીને કરે છે. **ભ્રષ્ટાચારના ભોરિંગને નાથી શકીશું કે જીવનભર પીડાની પ્રસ્તુતિ કરતા રહીશું.**

□ સંપાદક સમિતિ

બંગલો વેચવાનો છે

પાટણમાં ફોફલિયા વાડામાં આશરે ૧૦૦ વારના પ્લોટ ઉપર આશરે ૫૦૦ વારનું બાંધકામ કરેલ બંગલો વેચવાનો છે. બંગલાના મેઈન બારણા પોળની શેરી તથા ચોધરીની શેરીના મેઈન રોડ ઉપર પડે છે. બંગલો હવા-ઉજાસ સાથે બેઠક રૂમ એક, રસોડું એક, ડાઈનીંગ હોલ એક, બેડરૂમ ચાર, પૂજા રૂમ એક, કોન્ફરન્સ હોલ બે, સ્ટોર રૂમ ત્રણ, બાથરૂમ આઠ, R.C.C. બાંધકામ, બારી, બારણા, કબાટ સાગના લાકડાના, ફુલ સગવડ, ફર્નિચર સાથે, બંગલાના ટેરેસ ઉપરથી મહોલ્લાના પાંચ દહેરાસર, પંચાસરા પાર્શ્વનાથ ભગવાન, પીપળાશેરી, શામળાજી પાર્શ્વનાથ ભગવાન, જોગીવાડાના શિખર, ધજા દંડના દર્શનનો લાભ મળે છે.

કોન્ટેક્ટ મોબાઈલ નં. ૦૯૮૭૯૧૭૬૬૧૮

ADVT

DETAILS OF CORPUS AND SAHAY FOR MEDICAL

FUNDS & DONORS' NAME	As on 15/6/13 Corpus Rs.in Lacs	Year ending 2012-13 31st March 2013 Appli. Recd	Requirement Rs.in Lacs	Sanction Rs.in Lacs
Medical Relief		50	13.22	7.96
Smt.Sudhaben Pannalal Chudgar	37.50			
Medicine Distribution (Against Prescription)		102	11.43	8.68
Mother & Child Health Care		6	2.16	0.75
Smt Subhadraben Vrajlal Ambalal Shah	9.30			
Pediatric Treatment		1	1.75	0.50
Smt Madhurikaben Narendrabhai Shah	16.00			
Neurological				
Smt.Sushilaben Kantilal Nagardas	5.51	6	1.99	1.66
Kidney Treatment		7	8.23	2.62
Shri Champaklal Mafatlal Chudghar	12.50			
Cancer Medical Relief		4	0.98	0.64
Jabhalawala Pariwar	18.64			
Shri Kirtilal Somchand Shah	8.01			
Cancer Fund General (Mandal)	0.50			
Cancer Surgery		0	0	0
Shri Chandrakumar Manilal U. Zaveri (SAHEBA)	11.11			
Eye Check-up		10	0.88	0.63
Smt. Maniben Amrutlal J.Shah (Pattni Opticians)	6.75			
Heart care Relief		35	14.65	5.09
Shri Ramanlal Popatlal Shah Charitable Trust	20.06			
Smt Subhadraben Ramanlal Shah Char. Trust	10.11			
Mediclaim Policy Premium Valtar		677	20.24	7.69
Shri Bhogilal Chunilal Javeri	15.00			
Shri Devchand Nagardas Zaveri	11.00			
Mediclaim Fund General (Mandal)	1.11			
Orthopedic		8	5.91	1.34
Smt. Kalavati Kantilal M. Chudgar	10.29			
ENT Treatment		1	0.11	0.05
Gulabben Ramanlal Shah	25.00			
Diabetes		15	9.19	4.14
Shri Ramanlal Popatlal Shah Charitable Trust	7.51			
Dialyses (Kidney)		1	0.44	0.13
Nirmalaben Ravindrabhai M. Shah	21.00			
Dental Surgery		4	1.07	0.55
Shri Harsukhlal Bapulal Shah & Rasilaben Harsukhlal Shah	25.00			
Investigation Diagnosis		143	3.7	1.85
Smt Subhadraben Ramanlal Shah Char. Trust	5.51			
Shri Ramanlal Popatlal Shah Charitable Trust	5.51			
Medical Shay Fund General (Mandal)	89.55			
TOTAL	**372.47**	**1070**	**95.95**	**44.28**

- *Yearly interest income @8.75% of the Rs.372.47 lacs corpus fund will be Rs.32.60 lacs while sahay given Rs.44.28 lacs plus administrative expenses Rs. 6.50 lacs.*
- *To meet the above Rs. 18.18 lacs deficit, corpus fund is required to be increased.*

DETAILS OF CORPUS AND SAHAY FOR EDUCATION

	As on 15/6/13	Year ending 2012-13 31st March 2013		
FUNDS & DONORS' NAME	**Corpus Rs. in Lacs**	**Appli. Recd**	**Requirement Rs.in Lacs**	**Sanction Rs.in Lacs**
Std. I to IV				
Smt. Lilavatiben Khoobchand S Shah	10.18	33	4.41	1.04
Std. V to Graduation & Text book				
Sevantilal Kantilal Trust	100.08	154	13.64	8.92
Deepakbhai Champaklal Zaveri	6.00	–	–	–
Higher Education Books				
Shri Vadilal Chunilal Shah	7.50	8	0.25	0.17
Post Graduation Education				
Shri Amrutlal Mulchand Shah	10.51	14	1.10	0.76
Information Technology.				
Shri Pankaj Chandrakumar. M. Zaveri (Saheba)	7.56	18	10.26	4.77
Computer Education				
Shri Popatlal Bhikachand Zaveri.	6.50	12	1.60	0.93
Vocational Course				
Smt.Hasumatiben Rameshchandra B. Shah	25.11	3	1.97	0.80
Business & Management				
Shri Jagdishbhai Manilal Sanghavi	15.00	13	13.18	3.29
Post-Graduation Merit Scholarship & Prize				
Keshavlal Kilachand Charitable Trust	2.00	2	–	0.20
Tutorials class Education				
Shri Yashvadan Jesinglal Choksi	8.03	45	10.15	6.53
Smt.Kusumben Rasiklal H. Shah	18.11	–	–	–
C.A.	–	25	11.46	5.68
Company Secretary	–	9	1.51	1.31
Finance	–	7	3.15	1.47
Engineering				
Smt. Gunvantiben Pravinchandra K Shah	25.11	26	17.25	7.41
Women Udhyam Talim				
Smt. Nirmalaben Shantilal R Shah	8.78	3	0.95	0.48
@ **Shikshan Sahay Fund General (Mandal)**	**107.56**			
Grand Total	**358.02**	**372**	**90.88**	**43.76**
Revolving Fund : INTEREST FREE (Education) Loan	**87.90**	**27**	**149.86**	**31.70**

- *Yearly interest income @8.75 % of the Rs.358.02 lacs corpus fund will be Rs.31.33 lacs while sahay given Rs.43.76 lacs plus administrative expenses Rs. 6.26 lacs.*
- *To meet the above Rs. 18.69 lacs deficit, corpus fund is required to be increased.*

વ્યક્તિ વિશેષ : સ્મૃતિ સરિતાને તીરે...

શ્રી હીરાલાલ ભોગીલાલ શાહ (H. B. Shah)

જેમના થકી સંસ્થાનો ઈતિહાસ ઉજજવળ બન્યો છે, એવા વ્યવહાર કુશળ દીર્ઘદૃષ્ટાના જીવન કવનમાં એક નજર કરીએ. તેમણે કરેલ અદ્‌ભુત કાર્યોનો વિચાર કરશું તો પ્રગતિના મૂળમાં રહેલ તથ્ય અને સત્યને પામી, તેમની મહાનતાને જાણી શકીશું. ગત શતાબ્દી દરમ્યાન સંસ્થાના ઉત્થાન અને પ્રગતિમાં સહાયભુત થનાર મહાનુભાવોના વ્યક્તિતત્વનું નિરૂપણ સમયાંતરે આ કોલમ અંતર્ગત આપણે કરીશું.



શ્રી હીરાલાલ ભોગીલાલ શાહનો જન્મ વિક્રમ સંવત ૧૯૫૭ ને સોમવારે પાટણ મુકામે થયો હતો. તેમના પિતાશ્રી **ભોગીલાલભાઈ અને માતુશ્રી સમુબહેન** ઘણા સાધારણ સ્થિતિના હતા. કુટુંબમાં એક બહેન **મણીબહેન** અને એક નાના ભાઈ હતા. **ભોગીલાલભાઈએ સમરથબેન**નું અવસાન થતાં **જીવકોર બહેન** સાથે લગ્ન કર્યા. સ્વભાવે ઉદાર અને દિલાવર **જીવકોરબહેને, હીરાલાલભાઈ** તથા **મણીબહેન**ના ઉછેરની જવાબદારી બખુબી નિભાવી. ભોગીલાલભાઈનો ઝવેરાતનો વ્યવસાય બર્માનાં માંડલ મુકામે હતો.

પ્રાથમિક શિક્ષણ પાટણમાં પ્રાપ્ત કર્યુ. ત્યારબાદ મુંબઈની ભરડા હાઈસ્કુલમાં મેટ્રીક સુધી શિક્ષણ લઈ સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં ઈન્ટર સુધી અભ્યાસ કર્યો. સને ૧૯૨૦ માં બેરીસ્ટરનો અભ્યાસ કરવા **શ્રી પાટણ જૈન મંડળની લોન લઈ ઈંગ્લેન્ડ ગયા.** ઈંગ્લેન્ડમાં દોઢ વર્ષ અભ્યાસ કર્યા બાદ કુટુંબની આર્થિક પરિસ્થિતિને કારણે અભ્યાસ પડતો મુકયો. **તેઓ માનતા કે, આપણી પાસે દિવ્ય અને ભવ્ય સપના હોવા જોઈએ. માનસિક દરિદ્રતા છોડીએ તો જ નવસર્જન સાથે સફળતા પ્રાપ્ત થઈ શકે. વિચાર વિનિમય અને આત્મનિરિક્ષણ સાતત્યના હકારાત્મક અભિગમ થકી તથ્ય અને સત્યને પમાડે છે.**

ઈ.સ. ૧૯૨૧ માં **શ્રી હેમચંદ મોહનલાલ ઝવેરી**એ તેમને પોતાના સેક્રેટરી તરીકે રાખ્યા. એન્ટવર્પની નવી ઓફીસમાં દોઢથી બે વર્ષ કામ કર્યા બાદ ઈ.સ. ૧૯૨૩ માં છૂટા થઈ **શ્રી હીરાલાલભાઈ**એ સ્વતંત્ર વેપાર શરૂ કર્યો.

દરમ્યાન મિ.મેન્ડલસને સલાહ આપતાં **હીરાલાલભાઈ**એ ભારત ખાતે પિતાશ્રીને માલ મોકલવાની શરૂઆત કરી, ૧૯૨૪ ની સાલમાં મુંબઈમાં શેખ મેમણ સ્ટ્રીટમાં ઓફીસ શરૂ કરી. એન્ટવર્પ મુકામેના સ્વતંત્ર વેપાર દરમ્યાન એન્ટવર્પમાં હીરાનું કામકાજ કરતા હીરાના દલાલ **મિ. પીસારેવીથ** અને તેમના કુટુંબ સાથે ઘનિષ્ઠ સંબંધ બંધાયો જે ૧૯૨૪ ની સાલમાં **મિ. પીસારેવીથ**ની દીકરી **મિનાક્ષી (વીલ્હેમીન)**ના **હીરાલાલભાઈ** સાથેના લગ્નમાં પરિણમ્યો. **શ્રી હિરાલાલભાઈ**ના સહવાસથી મીનાક્ષીબેન ઉપર ધાર્મિક સંસ્કારોનો ઉંડો પ્રભાવ પડયો હતો.

હીરાના વેપારના ઉત્કર્ષ અર્થે તેઓએ અવારનવાર બર્મા, થાઈલેન્ડ, સીંગાપુર અને પીનાગની મુસાફરી કરી હતી. ભારતમાં તેમણે હીરાના ધંધાની ઉચ્ચ કક્ષાએ જમાવટ કરી, પરિણામે મુખ્ય હીરાના વેપારીઓમાં તેમની ગણના થવા લાગી. સને ૧૯૩૦ માં તેમના નાનાભાઈ **શ્રી પોપટલાલભાઈ**ને એન્ટવર્પ લઈ જઈ હીરાનો ધંધો શીખવ્યો. ૧૯૩૦ માં હીરાના વેપારમાં બજારમાં મોટી ક્રાઈસીસ આવી. હીરા ઘસાવવા - પૉલીસ કરાવવાના ધંધાની શરૂઆત કરી. આ નવા સાહસમાં એન્ટવર્પમાં ભાગીદાર **મિ. મેન્ડલસન**ના પુત્રોએ સારો એવો સહકાર આપ્યો. આ સાહસ અન્વયે એન્ટવર્પમાં તૈયાર થતો માલ ભારતમાં મોકલાતો. **શ્રી હીરાલાલભાઈ**એ વેચાણની જવાબદારી સંભાળી. જયારે નાનાભાઈ **શ્રી પોપટલાલભાઈ**એ પરદેશમાં એન્વર્પમાં ખાતેની મેન્યુફેકચરીંગની જવાબદારી સંભાળી. સને ૧૯૩૮ માં નાનાભાઈ **શ્રી કીર્તિભાઈ** વેપારમાં જોડાયા. સને ૧૯૪૦ ની લડાઈ દરમ્યાન હીરાનો ધંધો માત્ર સ્થાનિક ખરીદીથી ચાલતો. સને ૧૯૪૪ માં તેમની ધંધાની પેઢી ઉપર મોટી ધાડ પડેલી જેમાં પરડી નામનો ધાડપાડુ પકડાયેલ. આ ધાડ દરમ્યાન **શ્રી પોપટલાલભાઈ** ઘાયલ થયેલ પરંતુ સદ્‌ભાગ્યે તેઓ બચી ગયા. **માણસ એવા ભ્રમમાં અટવાયેલો છે, જયાં હિત અહિતના ક્ષેત્રમાં પ્રવૃત્ત-નિવૃત્ત અચ્છા અચ્છા ધુરંધરોને પણ સંઘર્ષ કરવો પડે. સુખનો સંબંધ પ્રાપ્તિ સાથે એટલો નથી જેટલો તૃપ્તિ સાથે છે.**

ધંધા દરમ્યાન સને ૧૯૪૪-૪૫ માં **હીરાલાલભાઈ**એ સામાજિક સેવાની શરૂઆત કરી. **શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય**ની સ્થાપના અર્થે **શ્રી પાટણ જૈન મંડળ**ને પિતાશ્રી **ભોગીલાલભાઈ**એ અને તેમના પુત્રોએ ઉત્કૃષ્ટ સખાવત કરી. શાળા સમિતિમાં પ્રમુખ તરીકે **શ્રી એચ.બી.શાહ** અને સેક્રેટરી તરીકે **શ્રી પોપટલાલભાઈ** નિમાયા. ૧૪૦૦ વિદ્યાર્થીઓની આદર્શ શાળા તરીકે આજે સમસ્ત ઉત્તર ગુજરાતમાં જાણીતી છે. જેના ઉત્કર્ષનો યશ **શ્રી એચ.બી.શાહ અને શ્રી પોપટલાલભાઈ**ની નિષ્ઠાવાન કામગીરીને આભારી છે. **અનેક દુ:ખો અને અભાવોથી ત્રસ્ત આજનું સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત છે, ત્યારે પીડા અને વ્યથાની પરાકાષ્ઠાનો અનુભવ ઘણું શીખવી જાય છે. શ્રી હીરાલાલભાઈ**એ સંસ્થાકીય અને સામાજિક ધરોહરને આત્મસાત કરી હતી. સને ૧૯૪૫ માં **જીવકોર બહેન**ના અવસાનથી તેમની સ્મૃતિમાં રૂા.૨૫,૦૦૦/- **શ્રી ભોગીલાલભાઈ**એ અને સ્વર્ગસ્થના માનાર્થે માતુશ્રીની અંજલિરૂપે રૂપિયા પચ્ચીસ હજાર **શ્રી હીરાલાલભાઈ તથા શ્રી પોપટલાલભાઈ**એ વિદ્યાલયને સખાવત આપી. એકંદરે રૂા.૨,૨૫,૦૦૦/- ની સખાવત પ્રાપ્ત થઈ.

સને ૧૯૪૫ માં હીરાના વેપારની ઈમ્પોર્ટ લાયસન્સ પધ્ધતિ અમલમાં આવી.સને ૧૯૪૮ માં **શ્રી એચ.બી.શાહે 'ડાયમંડ કોર્પોરેશન'**ની સ્થાપના કરી. અદ્યતન કારખાનું શરૂ કર્યુ. જેમાં હીરાનું એસોર્ટીંગ બુકીંગ, કલીનીંગ, કટીંગ અને પોલીસીંગ કરવામાં આવતું. આ પ્રયાસ પાછળનો હેતુ

કારીગરોને અદ્યતન હીરા પોલીસ કરવાની તાલીમ આપવાનો હતો. લગભગ ૫૦ જેટલા મેટ્રીક સુધી ભણેલા-પહોંચેલા વિદ્યાર્થીઓને પસંદ કરી બેલ્જીયમના કારીગર મારફત આધુનિક પધ્ધતિથી કામ શીખવવામાં આવતું. સરકાર તરફથી હીરાની રફ ઈમ્પોર્ટ કરવા સહકાર ન મળતાં સને ૧૯૫૬ માં કારખાનાના તાલીમ પામેલા કારીગરો દ્વારા કારખાનું ચાલતું. પરિણામે દેશમાં આજે હજારો કારીગરો તૈયાર થયા છે.

સને ૧૯૫૦ માં સ્વીટઝરલેન્ડની હોસ્પીટલમાં દર્દીઓ માટેની સુવિધાઓ જોઈ, એવી સુવિધાઓ વતન પાટણમાં આપવા નિશ્ચય કર્યો. પાટણમાં સંસ્કાર કેન્દ્રો, ફરતા દવાખાના અને અન્ય બીજી જાતની પ્રીવેન્ટીવ મેથડના કાર્યોની શરૂઆત કરી. પાટણ રાજમહેલ પાસે ક્ષય નિવારણ હોસ્પીટલનો પાયો નાખ્યો. હરતી ફરતી હોસ્પીટલ શરૂ કરી. મુંબઈ રાજયના આરોગ્ય મંત્રી **સ્વ.શ્રી શાંતીલાલ શાહના** વરદ હસ્તે ભારતીય આરોગ્ય નિધિની સ્થાપના તા.૧૧-૦૭-૧૯૫૪ ના રોજ કરવામાં આવી.

પાટણપાટણની ટી.બી. હોસ્પીટલના સુત્રધાર **શ્રી અમીચંદભાઈ તથા શ્રી રંજુભાઈ**નો સહકાર સાંપડયો. પાટણ ખાતે બેલ્જીયમ ઓકઝીલરી સેમીનાઈનમાંથી એક ટી.બી. સ્પેશ્યાલીસ્ટ, એક સ્પેશ્યલ વર્કર તથા બે નર્સની સેવા ઉપલબ્ધ કરી. ટી.બી. સેનેટોરીયમને **શેઠ હેમચંદ મોહનલાલ**નું નામ આપ્યું. **હેમચંદભાઈ**ના પરિવાર અને કુટુંબી પાસેથી રૂા.૫૦ હજારનું દાન મેળવ્યું. **શ્રી નટવરલાલ છોટાલાલ** પાસે આંખની હોસ્પીટલ, **શ્રી પ્રવીણાભાઈ રમણલાલ દવાવાળા** પાસેથી સર્જીકલ હોસ્પીટલ અને **શ્રી ચંદુલાલ મોહનલાલ ઝવેરી** પાસેથી જનરલ હોસ્પીટલ માટે એક લાખનું દાન મેળવ્યુ. ૧૯૫૩ પછી ધંધા-વેપારની સંપૂર્ણ જવાબદારી **શ્રી પોપટભાઈ**ને સોંપી સમાજ ઉત્કર્ષ પાછળ સમય આપવા લાગ્યા.

શ્રી પોપટભાઈએ બી.ડી.વિદ્યાલયની સ્થાપનાથી ૨૦ વર્ષ સુધી માનદમંત્રી પદે રહી તેના વિકાસમાં બહુમૂલ્ય ફાળો આપ્યો હતો. હાલમાં તેમના સુપુત્ર **શ્રી શિરીષભાઈ પોપટલાલ શાહ** શાળાની પ્રગતિમાં રસ લઈ અનન્ય સેવા આપી રહ્યા છે. શ્રી એચ.બી.શાહે સને ૧૯૫૫-૫૬ થી ૧૯૬૧-૬૨ સુધી **શ્રી પાટણ જૈન મંડળ**નું પ્રમુખ સ્થાન શોભાવ્યું હતું. તેઓ શ્રી છ વર્ષ સુધી ટ્રસ્ટી રહી મંડળની વિવિધ સમિતિઓમાં સક્રિય રહી સતત એકત્રીસ વર્ષ સુધી વ્યવસ્થાપક સમિતિમાં અનન્ય સેવા આપેલ હતી. પાટણ **શ્રી બી.ડી. હાઈસ્કુલ**ના વિકાસમાં તેઓશ્રીનો ફાળો અનન્ય રહ્યો હતો. તેઓશ્રીએ ભારતીય આરોગ્ય નિધિની સ્થાપના કરી હતી.

સને ૧૯૬૬ ધર્મપત્નીના અવસાન બાદ ૧૯૬૮ માં ધંધામાંથી નિવૃત્તિ લીધી હતી. ડૉ.લુપાની મદદથી વિલેપાર્લે જુહુ સ્કીમમાં ૧૪ સોસાયટી તરફથી ૪૪૦૦ વાર જમીન નજીવી કિંમતે મેળવવામાં આવી. સને ૧૯૭૫ માં આરોગ્ય નિધિ અને એચ.બી. શાહ ચેરીટેબલ ટ્રસ્ટમાં રૂા.૫ લાખ બજારમાંથી અંદાજે રૂા.૨૫ લાખ ભેગા કર્યા. વર્ષ ૧૯૮૩ માં શેઠ કાંતીલાલ સી. પરીખ તરફથી રૂા.૧૧ લાખની સખાવત પ્રાપ્ત થઈ હતી.સને ૧૯૨૯ માં જન્મેલ **શ્રી શિરીષભાઈ પોપટલાલ શાહ** હાલમાં ભારતીય આરોગ્ય નિધિ હોસ્પીટલમા ચેરમેન છે. **શ્રી રાજેશભાઈ શાંતીલાલ શાહ** માનદમંત્રી છે તથા **શ્રી અશિમભાઈ** કોષાધ્યક્ષ તરીકે ઉત્કૃષ્ટ સેવા આપી રહ્યા છે.

જીવનના સતત ૩૦ વર્ષ સુધી વેપાર ધંધામાં અસાધારણ સિધ્ધિ સંપાદન કરનાર શ્રી હીરાલાલભાઈએ ૫૦ વર્ષની ઉંમરે નાનાભાઈને ધંધો સોપી દીધો. ૮૦ વર્ષની વયે દેહવિલય થતાં રૂા.૩૦ થી ૩૫ લાખની સંપત્તિ સમાજ સેવા અર્થે દાનમાં આપી. સમાજના આ અદના લાડલાએ શનિવાર, તા.૨૫-૭-૧૯૮૧ ના રોજ અંતિમ શ્વાસ લીધો અને સદાને માટે આપણી વચ્ચેથી વિદાય લીધી. ગગનગોખમાંથી ઝળહળતો તારલો વિલાઈ ગયો. સંસ્થા **શ્રી હીરાલાલ ભોગલાલ શાહ** ઉર્ફે **શ્રી એચ.બી.શાહને** યાદ કરી સાભાર શ્રધ્ધા સુમન અર્પણ કરે છે. ✷ ✷ ✷

મકાન વેચવાનું છે

પાટણમાં ગોળશેરી વિસ્તારમાં ઢંઢેર વાડાના દરવાજા સામે રોડ ઉપર ત્રણ મજલાનું મકાન વેચવાનું છે. નીચે લખેલ મોબાઈલ નંબર પર સંપર્ક કરો :

Mobile : 9224426116

ADVT

The Johri™
And Carat Jewellery
118 Dharam Palace, B-Wing, 1st Floor, Hughes Road, Mumbai- 400007.
Tel no. 022-23610180 / 81
Tushar- 9820223110, Rupal- 9969525061, Amar- 9004777012. By appointments only.

An appeal letter to join an innovative program

Dear NRI- Patani,

I write to you with a program very close to my heart- **Higher Education for Indian Patani students in USA.** Over the last 40 years, many of Patanis like you have migrated to the US for education and jobs. A majority of you have gone on to create a happy and successful life for yourself in the USA. I feel confident in saying you understand the value of education and the benefits and opportunities a degree from a US university provides. Many of you have expressed interest in helping our younger generation, get similar opportunities to become successful in their life.

In view of the above, PJM has developed a program to help sponsor young Patanis interested in higher studies in the USA. On adjoining page an **Overview of PJM'S " Sarvottam Sikshan Sahay in USA" Program** is provided for your perusal.

I humbly request you to consider this opportunity to give back to the Patani community by joining the **program.** I would urge you to let us know of your interest at the earliest convenience. Success of this **program** depends on getting a critical mass signed up.

If you have questions on the **program** or suggestions to improve it, please feel free to reach out to me at anytime via Email or Cell Phone.

Assuring you of our best attention at all times.

Best regards,

Dinesh R Shah

President and Managing Trustee

Shree Patan Jain Mandal

Email: dineshrshah29@gmail.com

Cell Phone: 91-9820493906

શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા

ટાંગડિયા વાડો, પાટણ–ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

નૂતન સહાય યોજના

મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- ● સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-

કાયમી તિથિ : રૂા. ૩૧,૦૦૦/- ● દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/- રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/- ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.

આ સંસ્થાને અપાતું દાન ૮૦–જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮

● સૌજન્ય : **મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કું., મુંબઈ** ● ADVT

Overview of PJM's ``Sarvottam Shikshan Sahay in USA'' Program

Interest Free repayable Financial Assistance in US Dollars for higher Education From NRI Patanis (Sponsor-Mentors) staying in USA

Purpose :To provide Students (PJM Members) from India, with interest free Financial Assistance in Dollars for pursuing Higher/further studies in USA.

A. Prior Commitment cum Assurance to be given by 'Sponsor-Mentor' to PJM

NRI Patani residing in USA who is desirous of providing Financial Assistance (Mentor) to recipient Students shall give his commitment in writing to the PJM for providing such interest free repayable Financial Assistance in U.S. Dollars to be provided to Student/s (PJM member/s) who has/ have already secured an admission or applied to a University/ Institution in USA for higher/ further studies and are likely to secure the admission.

B Financial dealings directly between the 'Sponsor- Mentors' and the students:

The amount of Financial Assistance so to be provided to each student may be up to US$ 20,000 per student and shall be paid directly by such 'Sponsor- Mentor' to the Student or to the University/ Educational Institution on behalf of the said Student whose loan is sanctioned and approved by Education committee of PJM- Mumbai.

The amount so advanced by the 'Sponsor- mentor', shall be repaid in dollars by the student to the said 'Sponsor- Mentor' directly within 2 to 3 years after completing his / her studies and/or immediatly after getting the job, in monthly installments to be decided mutually by the 'Sponsor- Mentor' and the Said Student.

C PJM Mumbai will act as a facilitator between the 'Sponsor- Mentor' and the student

PJM Shall obtain written Commitment / Assurance from atleast 5 to 10 Sponsor- Mentors' for providing Financial Assistance as afore mentioned in USA to the Patani Students from India.

D. Selection of the deserving Students by PJM:

The Application of Student/s, desirous of availing such Financial Assistance shall be received and evaluated by PJM through its Education Committee and after such evaluation, if deemed appropriate PJM shall recommend the name of such student to one of the listed ' Sponsor- Mentors', for availing the Financial Assistance.

E. Joint monitoring of the student's progress:

PJM and ' Sponsor- Mentor' shall jointly monitor the over -all progress and academic development of the benefiting Student through regular reports and follow- ups with the student and his parents/ guardian in India.Presonal guarantee of students and parents may be obtained for repayment of the loan.

F. Actual Scenario :

- Each ' Sponsor- Mentor' may have to mentor from one up to five students at a time.
- Each student will be associated with only one ' Sponsor- Mentor'
- PJM as facilitator will be associated with 5 or more ' Sponsor- Mentors' and 25 to 30 students.

G. Recognition of the ' Sponsor- Mentor' :

The Names of the ' Sponsor- Mentors' who provide Financial Assistance under the present program shall be published periodically in PJM'S monthly Publication "PRATIBIMB".

H. Minimum fund requirement :

To initiate present envisioned scheme PJM shall obtain written commitment/ assurance of a sum One million US$ from 5 to 10 ' Sponsor- Mentors' overall. The scheme shall enable PJM to facilitate sponsorship of 5 to 10 students every year; whose selection shall be done by PJM on the basis of their academic records and past Education achievements, review of their application and the Personal Interview of Student/s along with their parents/ guardian.

I. Letter of Commitment cum Assurance and Tri- Partite Agreement:

I. PJM shall require **an assurance in writing** from the ' Sponsor- Mentors' for the **commitment** to provide such Financial Assistance under the present scheme.

II. A **Tri-Partite Agreement** shall be signed/ executed between the PJM. The ' Sponsor- Mentors' and the benefiting studen so as to ensure best possible utilization of the ' Sponsor- Mentors' fund as well as the deserving students career and also for laying down the terms and conditions of repaying the loan amount by the Student directly to the ' Sponsor- Mentors' within a period of 2-3 years after completing education and/ or securing a paying employment.

એક અભિનવ પ્રયોગ

પાટણ ખેતરપાળના પાડાના શ્રી જીતેન્દ્રભાઈ રસિકલાલ શાહ, શ્રીમતી હર્ષદાબેન જીતેન્દ્રભાઈ શાહ, ડૉ.રમેશભાઈ રસિકલાલ તથા ડૉ.નીરૂપમાબેન તથા શ્રી ધનીશભાઈ જીતેન્દ્રભાઈ શાહે એક અત્યંત અભિનવ પ્રયોગ આદર્યો. રવિવાર, તા.૨૬-૦૫-૨૦૧૩ ના રોજ ભારતીય વિદ્યા ભવન ખાતે આ પરિવારે એક અદ્‌ભુત વૃત્તચિત્રનું આયોજન કરી લગભગ ૭૦૦ વ્યકિતઓને જીવનના સત્ય તથા તથ્યના દર્શન કરાવ્યા.

અમદાવાદ ખાતે કાર્યરત જયોત નામની જ્ઞાન દિપક પ્રગટાવતી ધાર્મિક સંસ્થા છે. તર્ક અને ન્યાય આધારિત આર્યવર્ષના હજારો વર્ષ પ્રાચીન વિશાળ અને અમૂલ્ય જ્ઞાન વારસાનો આધુનિક વિજ્ઞાન સાથે સમન્વય સાધવા વૈશ્વિક સત્ય અને ન્યાયનું દર્શન કરાવવાનો નમ્ર પ્રયત્ન એટલે 'જયોત'! આનાદિની આપણી અહિતકારી માન્યતાઓને બદલી આપણામાં સુષુપ્તપણે રહેલા જ્ઞાનબીજને જાગૃત કરી, એક એવી ક્રાંતિ આણવી કે જેનાથી સમગ્ર મનુષ્ય જાતિ અન્ય જીવનસૃષ્ટિ સાથે પરસ્પર સન્માનપૂર્વક વર્તી શાંતિ અને એખલાસ પૂર્વક જીવન વ્યતિત કરી શકે છે.

એક ચીઝ મીલેગી વંડરફુલ!

આર્ય ધર્મના પ્રાચીન, વિશાળ અને અમુલ્ય જ્ઞાન વારસાનો આધુનિક વિજ્ઞાનની સાથે સુંદર સમન્વય કરી જીવનમાં લક્ષ્યો ઉજાગર કરતી તથા વ્યકિતના જીવનની દૃષ્ટિકોણમાં હિતકારી માન્યતાઓ દ્વારા બદલાવ લાવતી આ ફિલ્મ આધુનિક જીવન પધ્ધતિને કારણે ઉભા થતાં પ્રશ્નોના ઉપાયો દર્શાવે છે.

મનુષ્ય પોતાના જ પરિવારથી અપરિચિત રહે છે, તેની સભાનતા તેને લેશ માત્ર પણ નથી હોતી. પરિચય ત્રુટિ પરસ્પર પાકા લાગતા સંબંધોના પાયાને ક્ષણભરમાં હચમચાવી દે છે. આપણી સ્વની ઓળખાણનો વિશ્વાસ કયારેક ભ્રમ બને છે તો બીજા અંગેની સંપૂર્ણ જાણકારી નો દાવો કેટલો વાત્સવિક ગણી શકાય?

વ્યર્થ આભાસને પરિણામે આપણે જ આપણી જાતનો દ્રોહ કે વિદ્રોહ કરી રહ્યા છીએ. પ્રત્યેક માનવીમાં ગુઢ અને ગાઢ શકિત જન્મજાત જ નિરૂપાયેલી હોય છે. શુભ અને આસ્થામયી સુંદર પરિણામોથી વંચિત ન રહેવાય માટે તે દિશામાં પગરણ માંડવા રહ્યા આપણાંમાં રહેલ અનન્ય અને અદ્‌ભુત શકિતનું જ્ઞાન બહાર લાવવાના પ્રયત્નો જ આપણને મળેલ ઈશ્વરીય અલભ્ય વારસો પુરવાર થશે.

કોઈપણ જાતના સમયના વેડફાટ વગર શ્રી જીતેન્દ્રભાઈએ બહોળા મિત્ર વર્ગને તથા પરિવારના સગા સંબંધીઓને ઉષ્માપૂર્વક આવકાર આપ્યો હતો અને સાથેસાથે આભારવિધિ પણ કરી હતી. શ્રી મંગલપ્રભાત લોઢા, સંસ્થાના પ્રમુખ શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ, શ્રીમતી કલ્પનાબેન દિનેશભાઈ શાહ, ઉપપ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ ગુંદરવાલા તથા અન્ય મહાનુભાવો અત્રે ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ આ અનન્ય વિચારધારાને બિરદાવી હતી. પરિવારે પરિણામલક્ષી ઉત્તમ કાર્ય કર્યાનો સંતોષ માણ્યો હતો. "જયોતિ" વધુ પ્રજવલિત બને તેવી આશા સાથે શ્રી જીતુભાઈએ શ્રી કેતનભાઈ લોડાયા, શ્રી રાજેશભાઈ ખોના તથા શ્રી અશોકભાઈ દેઢિયાનો આભાર માન્યો હતો. ✷✷✷

અંતરની વાત

[આજના યાંત્રિક યુગમાં માનવી માટે દેરાસર જવું એક રૂટિન થઈ ગયું છે. આપણે દેરાસર જઈને પણ ઇશ્વર સમક્ષ અંતરની વાત રજૂ કરી શકતા નથી. આપણા સહુની અંતરની વાત અહીં ગીત રૂપે રજૂ થાય છે.]

હું તને ભજું છું સોમથી શુકવારે,
બાકી ક્યાં છે સમય પ્રભુ મારી પાસે.
વીક એન્ડમાં ન દેરાસર આવું,
હોટલ, ફિલ્મો અને ફરવા જાઉં.
તારો વારો હવે સોમવારે...બાકી...
રૂટિનમાં રોજ દેરાસર આવું,
બેઘડીમાં સેવા-પૂજા પતાવું.
તારી પાસે ન બેસું પળવારે...બાકી...
શરણું સાચું તારું ચાહું,
ભવના ફેરાથી મુક્તિ માગું.
તારી સાથે જ મનમેળ મારે,
બાકી કોણ છે પ્રભુ મારી હારે.

□ તેજલ ઉત્પલ શાહ

PATAN CO-OP. BANK LTD.

Rasik Nivas, 75, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400 020. **Tele. 22817444 / 22815290**

E-mail : patanbank@yahoo.co.in ● **Telefax : 22816513**

MORTGAGE LOAN : NEW SCHEME

RATE OF iNTEREST@ 11.50 % PER ANNUM (MONTHLY INTERST)

Criteria : (1) Against mortgage of your property such as flat/shop/gala factoy eligible
(2) Minimum loan Rs. 25.00 lacs; maximum loan Rs. 120.00 lacs (3) Repayment 84 monhs

Charges : (1) Processing fee 0.20 % 0f sanctioned amount – subject to maximum Rs. 15000/- + S.T
(2) Inspection charges–nil. (3) Comittment charges–nil. (4) Prepaidment charges–nil

Collateral Security : Not required

Requirements : (1) Valuation report from Bank's approved valuer
(2) Title clearnce certificate from Bank's approved lawyer

For more information plese contact Branch Manager of your nearest branch

Advt

ADVT

સલામતી

સવારનું અખબાર ખોલ્યું. પ્રથમ પાના ઉપર લખ્યું હતું:

સરકાર સલામત નથી, સાથી પક્ષોએ ટેકો પાછો ખેંચી લીધો. શેરજારમાં મસમોટું ગાબડું પડી ગયું. જનતાની મૂડી ઓછી થઈ.

બીજા પાના પર લખ્યું હતું: સ્ત્રીઓ ઉપર અત્યાચાર અને બળાત્કાર.

ત્રીજા પાના પર લખ્યું હતું: બાળકોના અપહરણ થયાં.

ચોથા પાના પર લખ્યું હતું: ઘર-દુકાનનાં તાળાં તૂટ્યાં.

લાખોના માલ-પૈસાની થઈ ચોરી.

પાંચમા પાના પર લખ્યું હતું: બોમ્બ બ્લાસ્ટ, ટ્રેન, બસ...

અકસ્માતમાં થયા અનેકો ઘાયલ અને મરણ.

આ શહેરમાં સ્ત્રીઓ, બાળકો, સામાન્ય માનવીની સલામતી નથી.

મોંઘવારીએ માઝા મૂકી છે...સામાન્ય માનવીને થઈ છે કાળાપાણીની સજા. ગરીબોને કરવા પડે છે વિના કારણ ઉપવાસ.

વ્યથા, વેદના અને યાતનામાં જીવે છે આજનો માનવી. ન સમજાય એવા દ્વિધામાં જીવે છે.

સલામતી વગરની જીંદગીની વાત કહેવાતી નથી,

નથી એની તસવીર પણ ખેંચાતી.

ઓ પરમકૃપાળુ પરમાત્મા, કૃપા કરી આપો અમને **'સલામતી'**.

□ શ્રી સુરેશ સૂરજમલ ચૌધરી

મઝધાર

શબ્દો તારી શાનમાં સમજી ગયો,
કવિતાની રાહ પર જીવી ગયો,
રદીફ વૃક્ષની છાંયે હાંફી ગયો,
કાફીયા તારે ઉતારે ફાવી ગયો !
શબ્દનો મુકામ દૂર લાગી રહ્યો,
માનવી મતલબી મળતો રહ્યો,
આઘાત-પ્રત્યાઘાત સહેતો રહ્યો,
અનારાધાર પ્રેમે જીવતો રહ્યો !
સૌ નેકી મંદિરમાં કરતો ગયો,
દુઆ-પુજાને સહારે વળી ગયો,
બુઢાપો આજ સહારો બની ગયો,
મઝધારે તારા થકી તરી ગયો !
નિશા તણા અંધારે ચાલતો રહ્યો,
નવિન સમિકરણો જોતો રહ્યો,
કાવ્યની કરામત ઓસથી લખ,
કલમ મ્હેંકી, હું મને મળી ગયો !

મ.ને.

શુભ વિવાહ

સંવત ૨૦૬૯પોષ સુદ ૧૨, બુધવાર તા. ૨૩-૧-૨૦૧૩

શ્રી દીપકભાઈ મફતલાલ શાહના સુપુત્ર **ચિ. ભવ્ય** (ડંક મહેતાનો પાડો)
શ્રી આશીતભાઈ ભગવાનદાસ શાહની સુપુત્રી **ચિ. ચાંદની** (ભાભાનો પાડો)

સંવત ૨૦૬૯ વૈશાખ સુદ-૨ રવિવાર તા. ૧૨-૦૫-૨૦૧૩

શ્રી મુકેશભાઈ બચુભાઈ શાહના સુપુત્ર **ચિ. નિરવ** (વખતજીની શેરી)
શ્રી કૌશિકભાઈ ભગવાનદાસ શાહની સુપુત્રી **ચિ. હીરલ** (ભાભાનો પાડો)
શ્રી ભરતભાઈ કંચનલાલ શાહના સુપુત્ર **ચિ. ગૌરવ** (કોકાનો પાડો)
શ્રી ભરતભાઈ હિંમતલાલ ઝાંગડાની સુપુત્રી **ચિ. ધ્રુવી**

સંવત ૨૦૬૯ વૈશાખ વદ-૩ સોમવાર તા. ૨૭-૦૫-૨૦૧૩

શ્રી દિનેશચંદ્ર માણેકલાલ શાહના સુપુત્ર **ચિ. આશીત** (પોળની શેરી)
શ્રી શરતચંદ્ર છબીલદાસ શાહની સુપુત્રી **ચિ. નેહા**

સંવત ૨૦૬૯ વૈશાખ વદ-૪ મંગળવાર તા. ૨૮-૦૫-૨૦૧૩

શ્રી પ્રવીણભાઈ કીલાચંદ શાહના સુપુત્ર **ચિ. સંકેત**
શ્રી ભોગીલાલ ભાગચંદ શાહની સુપુત્રી **ચિ. પ્રિયંકા** (શાંતિનાથની પોળ)

PATAN CO-OP. BANK LTD.

Rasik Nivas, 75, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400 020. **Tele. 22817444 / 22815290**
E-mail : patanbank@yahoo.co.in ● **Telefax : 22816513**

❁ **Profit (Audited) Rs. 173.49 lacs (as on 31/03/2012)**

WE OFFER

- ❁ Rate of Interest on c/c facility from 13% p.a. to 14.50% based on credit rating.
- ❁ Gold Loan-12.00% p.a.
- ❁ View facility for a/c transcations on web site.
- ❁ SMS-banking facility
- ❁ Personalised cheque books
- ❁ L/c-Discounting
- ❁ Housing & Vehicle Loan
- ❁ Net-NPA - `Zero'
- ❁ No TDS on members deposits
- ❁ RTGS & NEFT- Facility
- ❁ Term Loan up to Rs. 50 lakhs to Rs. 1 crore on office place or plant machinery available @12.5 %

(ADVT)

KYC બધી જ બૅંકો માટે ફરજિયાત છે. ઘણા ખાતેદારોએ હજુ સુધી KYCની જરૂરિયાતના પેપર્સ આપેલ નથી. તા. ૧૫-૬-૨૦૧૩ પહેલાં પેપર્સ નહીં મોકલાવ્યા હોય તે ખાતેદારોના ખાતામાં રકમ જમા થઈ શકશે, પણ ઉપાડી શકાશે નહીં, જેની ખાસ નોંધ લેવી.

દર્દીને મળવા જાવ ત્યારે...

ગત મહિનામાં નિકટની એક સહેલીએ શસ્ત્રક્રિયા કરાવેલ, તે દરમિયાન અવારનવાર તેને હોસ્પિટલમાં મળવા જવાનું, સાથે સમય વીતાવવાનું થયેલ. તેમની વાતો પરથી સમજાયું કે દર્દીને માત્ર પા-અર્ધો કલાક ખબર પૂછવા આવનાર વ્યક્તિના વિચારોની, વાતોની, વર્તનની કેટલી ગાઢ અસર દર્દી પર પડે છે. એ જ મનોમંન દરમિયાન વિચાર્યું કે, આ વિષય ઉપર કાંઇક લખવું છે જેથી જાણે-અજાણે આપણી મુલાકાતથી કોઈ પણ દર્દી હતાશા-નિરાશા તો ન જ અનુભવે.

માનવી એક સામાજિક પ્રાણી હોવાથી આપણે સૌએ ક્યારેક ને ક્યારેક, નિકટનાં કે દૂરનાં સ્વજનોને હોસ્પિટલમાં ખબર-અંતર પૂછવા જવાનું તો થતું જ રહે છે... તો પછી આપણી મુલાકાતમાં એવી છાપ કેમ ના મૂકીએ કે જેથી દર્દી આપણી આગામી મુલાકાતની હૃદયપૂર્વક વાટ જુવે, તેને ફરીથી જલદી સાજા-સારા થવાનો જોમ-ઉત્સાહ જાગે અને તે આપણને અંતરથી આશીર્વાદ આપે.

આપણી આસપાસ આત્મીયજનોની હાજરી આપણને સહુને ગમતી હોય છે, એટલા માટે જ હોસ્પિટલમાં બીમાર વ્યક્તિને કુશળ ડૉક્ટરની દેખરેખ હેઠળ સારી સારવાર મળતી હોય–તથા સ્ટાફ પણ સારી સંભાળ રાખતો હોય છતાં આપણે લોકોની તબિયતની ખબર કાઢવા હોસ્પિટલમાં જઇએ છીએ.

દરેક હોસ્પિટલમાં દર્દીની મલાકાતનો નિશ્ચિત સમય હોય છે, તે સહુ પ્રથમ જાણી લેવો. દર્દી ક્યા રૂમમાં છે, તેનો બેડ નંબર આદિ વિગતો પણ પહેલેથી જાણી લેવી. તેના માટે દર્દીનાં કુટુંબીજનોને વારંવાર હેરાન કરવા કરતાં હોસ્પિટલમાં રિસેપ્શન કાઉન્ટર ઉપર પૂછશો, તો તેઓ પણ માહિતી આપશે.

ધ્યાન રહે, આપણે દર્દીનું દર્દ યાદ કરાવવા નહિ, પરંતુ ભૂલાવવા જઈએ છીએ. તેની સાથે ચિંતા કે દુઃખની નહિ પણ આનંદની અને ખુશીની વાતો કરજો. ભૂલથી પણ દર્દીને ન કહેતા, 'જોયું, અમે તો ના જ પાડતા હતા. કેમ કરાવી સર્જરી? અરેરે...આ ફલાણા ડૉક્ટર પાસે ગયા...! બાજુનો ફલાણો દર્દી તો ચાર દિવસમાં સાજો થઈ ગયો...' આવા કોઈ પણ વિધાનો દર્દીને માનસિક ત્રાસ આપે છે. તમારા કોઈ સ્વજનને એ જ માંદગી દરમ્યાન જીવનભર માટે કો'ક ખોડ રહી ગઈ હોય કે અવસાન થયેલ હોય તો એ બધી બાબતો આ સમયે દર્દીને કે તેનાં કુટુંબીજનોને ન કરતા. ઉલટું શક્ય હોય તો દર્દીને પ્રોત્સાહન આપો., મનોબળ મજબૂત બનાવો. તમારી મુલાકાત એવી હોવી જોઈએ કે દર્દીની આંખોમાં આશાના અમી છલકાય. ભલેને દર્દી અસાધ્ય બીમારીથી પીડાતો હોય, પરંતુ તમારે તો એને સહુ સુખરૂપ જ થશે એવો દિલાસો આપવો જેથી તે ક્ષણે તો તેને શાતા મળે.

દર્દી પાસે જઈને તમારી અંગત દુઃખદાયી પરિસ્થિતિ ના વર્ણવશો, 'મારે તો ઘરમાં હાલ નોકર નથી', 'સાસુ આમ કહે છે', 'હવે અહીંથી ફલાણી જગ્યાએ જવું છે' વિગેરે વિગેરે અથવા તમને ત્યાં આવવામાં કેટલી હાડમારી થઈ તે બધું સંભળાવવાની પણ જરૂર નથી. 'આજકાલ કેટલી ગરમી છે', 'ટ્રેનોમાં કેટલી ગિરદી રહે છે', 'ટેક્સી ભાડું કેટલું વધી ગયું છે!' ઈત્યાદિ. આમ કહેવાથી તમે આવીને ઉપકાર કરો છો એમ જણાવતા હો તેમ લાગે છે. દર્દીનો ખાટલો, રૂમ જોઈને વિશેષ ટીપ્પણીઓ શરૂ ન કરો–'જનરલ વોર્ડમાં તો આવી જ સુવિધા મળેને', 'ઓહો હો...તમે તો એસી રૂમ રાખ્યો છે, આટલો ખર્ચો કરી શકો છો?' કોઈ પણ દર્દી ખૂબ વિચારીને તેની આર્થિક પરિસ્થતિ મુજબ જ વ્યવસ્થા કરતા હોય છે. કોઈને હક્ક નથી તેને ઉતારી પાડવાનો કે મહેણાં મારવાનો...!

રોગના ઉપચાર માટે તમારા અંગત સલાહ-સૂચનો ન આપો. આનાથી દર્દી ને વહેમ ઉપજશે. દર્દીનો તેના ડૉક્ટર ઉપરથી વિશ્વાસ ડગમગી જાય એવું કદાપિ ન કરતા. દરેક ડૉક્ટર પોતાનાથી બનતું બધું જ શ્રેષ્ઠ રીતે કરતા હોય છે.

તમારી હાજરીની નોંધ લેવાય ફક્ત તેવા આશયથી દર્દીને ખલેલ ન

શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ ● ફોન :(02766)220203

શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)

કાર્યાલય:મે. પ્રવીણચંદ્ર એન્ડ કું., ૨૧, ભાંગવાડી શોપિંગ આર્કેડ, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૨. ફોન:૬૬૩૧૭૮૯૦-૯૯. મો.:૯૮૨૧૦૧૨૫૧૮.

	જીવદયા	આધારસ્થંભ	કાયમી લાપસીની તિથિ	લાપસીની તિથિ	ઘાસચારો
ઈંદુબેન વિનોદચંદ્ર શાહ (કનાસાનો પાડો)	૧૨૦૦૦	—	—	—	—
કમળાબેન નેમચંદ બાપાલાલ શાહ (કુંભારિયા પાડો)	૧૦૦૦૦	—	—	—	—
એક સદ્‌ગૃહસ્થ (પાર્લા વેસ્ટ)	૧૧૧૧૩	—	—	—	—
શ્રી વિલેપાર્લે શ્વે. મૂ. પૂ. જૈન સંઘ ચેરિટિઝ (વિલેપાર્લે વેસ્ટ)	૩૦૦૦૦	—	—	—	—
ઋષભદેવ ચેરિટેબલ ટ્રસ્ટ (અંધેરી વેસ્ટ)	૨૫૦૦૦	—	—	—	—
દયાબેન ગીરજાશંકર શેઠ ટ્રસ્ટ	—	૨૧૦૦૦	—	—	—
શ્રીમતી શાંતાબેન જેસંગલાલ લલ્લુચંદ શાહ (કેશુશેઠનો પાડો) હસ્તેઃ ભારતીબેન જેસંગલાલ શાહ	—	૨૧૦૦૦	—	—	—
શ્રી નવીનચંદ્ર જેસંગલાલ શાહ (કેશુશેઠનો પાડો) હસ્તેઃ ભારતીબેન જેસંગલાલ શાહ	—	૨૧૦૦૦	—	—	—
શ્રી અશોકભાઈ કેશવલાલ સોનાવાલા (મનમોહનજીની શેરી)	—	૨૭૦૦૦	—	—	—
શ્રીમતી પ્રેમિલાબેન રજનીકાંતભાઈ ચીમનલાલ શાહ (ઢંઢેર વાડો)	—	૨૧૦૦૦	૫૧૦૦૦	૩૧૦૦૦	—
શ્રીમતી કોકિલાબેન અરવિંદકુમાર શાહ	—	—	૫૧૦૦૦	—	—
શ્રી ચીનુભાઈ શાહ	—	—	—	—	૧૧૧૦૦
મંગુબેન હીરાલાલ ચુનીલાલ શાહ (વખતજીની શેરી)	—	—	—	—	૧૫૦૦૦
શ્રી સુરેશભાઈ કાંતિલાલ પરમાર, ચાણસ્મા	૫૦૦૦૦	—	—	—	—
એક સદ્‌ગૃહસ્થ	૩૦૦૦૦	—	—	—	—
શ્રી મહાદેવા પાર્શ્વનાથ જૈન દેરાસર (ખેતરવસી)	૧૬૦૦૦	—	—	—	—
શ્રી કલ્પગુણાશ્રીજી મ. સા.ની ૧૦૦મી ઓળીના પારણા નિમિત્તે	૧૪૦૦૦	—	—	—	—
શ્રી સીમંધર સ્વામી જૈન દહેરાસર (અંધેરી પૂર્વ)	૧૧૧૧૧	—	—	—	—
સ્વ. પટેલ બબુબેન નાથાલાલ-વાલમ	૧૧૦૦૦	—	—	—	—
સૌજન્ય : શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા)	૨૨૦૨૨૪	૧૧૧૦૦	૧૦૨૦૦૦	૩૧૦૦૦	૨૬૧૦૦

ADVT

પહોંચાડશો. દર્દીને આરામ કરવો હોય કે ડૉક્ટર આવ્યા હોય અથવા દર્દને લીધે તેની હાલત નાજુક હોય ત્યારે વાહિયાત સવાલો કરી નાહક હેરાન ના કરતા. બીજું, જુદા જુદા સમયે જુદા જુદા માણસો એકના એક સવાલો પૂછે તો દર્દી અને તેના કુટુંબીજનો સર્વ થાકી જાય, કંટાળી જાય. માટે મુલાકાત દરમિયાન ખપ પુરતું અને ધીમા સાદે બોલવું, જેથી અન્ય દર્દીઓને પણ તકલીફ ન થાય.

યાદ રાખો કે 'આ હોસ્પિટલ છે'–સગાસંબંધીઓ સાથે ગપાટા મરવા યોગ્ય કોઈ હોટલ કે કોફી શૉપ નહિ. શક્ય હોય તો મુલાકાત દરમ્યાન દર્દી તેના સ્વજન દ્વારા લાવેલ ચા-નાસ્તો-ફળ તમને ઑફર કરે તો પણ વિનયપૂર્વક ના પાડો. ઘરે પણ મળવા જાવ ત્યારે તેમને તમારી મહેમાનગતિ ના કરવી પડે તેનો વિશેષ ખ્યાલ રાખજો.

માંદગીનાં દિવસો દરમિયાન દર્દી તેના કુટુંબ માટે તમે જે કાંઈ કરો તે દિલથી કરો. ખોટો દેખાડો કરવા, હાજરી ગણાવવા, સંબંધ સાચવવા કે ઔપચારિકતા માટે ન કરો. દર્દી માટે તેમને મનગમતી કે અનુકળ પડે તેવી વાનગી-વસ્તુઓ લઈ જવાને બદલે દર્દીને ખરેખર કઈ વસ્તુ માફક આવશે, કઈ દવાઓ જોઈશે, અથવા તો ટેલકમ પાવડર, કોલન વોટર, કોટન રૉલ વસ્તુઓ લઈ જાવ. જો દર્દીને વાંચવાનો શોખ હોય તો તેને મનગમતાં પુસ્તકો લાવી આપો. સંગીત સાંભળવાનો શોખ હોય તો મનપસંદ ગીતો લાવી આપો... શક્ય હોય તો એમનો પ્રિય શોખ પૂરો કરી શકે તેવી સગવડ કરી આપવી, જેથી એટલા સમય પૂરતું દર્દીનું મન અન્યત્ર પરોવાયેલું રહે.

જો તમે દર્દીના સ્વજનોની જમવાની, બાળકોની નિશાળની જવાબદારી લઈ શકો તો ઉત્તમ, અન્યથા થોડાઘણા અંશે, થોડાઘણા દિવસ માટે તો બનતું બધું જ કરો. સાચા હિતેચ્છુ બની દર્દીને મદદરૂપ થવાના પ્રયત્ન કરો, જેથી દિવસ/રાત્રિ દરમિયાન દર્દી પાસે રોકાવું પડે તો તેમના સ્વજનો તેમને નિ:સંકોચપણે કહી શકે. જરૂર જણાય તો, દર્દીનાં નિકટનાં સ્વજનને, એકાંતમાં લઈ જઈને, બેહદ નમ્રતાથી તેમનું સ્વમાન ન ઘવાય તેરીતે આર્થિક મદદની દરખાસ્ત મૂકજો.

અંતમાં, દર્દીની પીડા શીઘ્ર શમી જાય, તે સાજા-સારા થઈ જાય તેવી ભાવનાનો પ્રેમ આંખોથી અને શુભકામના અંતરથી વ્યક્ત કરી વિદાય લેજો.

□ ઉર્વી ઝવેરી

પ્રલય

વહે નીર યમુનાના શાંત લગાતાર,
નમાવી મસ્તક કરે વંદન સૌ નરનાર
મારગ રૂંધી વહેણ, સહેલાણીઓ કાજે,
કર્યા ઉભા હોટલ, સરાઈ અને મકાન
લગાવી હાટડી ગલીએ ગલી,
છતાં શાંત રહી સહ્યા અત્યાચાર
આખરે ખૂટી ધીરજ ને છુટ્યા બંધ,
પલટાયો પ્રવાહ અને બન્યો કહેર
તેમા ભળ્યો વરૂણનો પ્રકોપ
અને વરત્યો સર્વત્ર હાહાકાર
કરે આકંદ સ્નેહી-સ્વજન-પરિવાર
ત્યાં પશુ પક્ષીનો ન કોઈ આધાર
રહી રહીને સફાળી જાગી કેન્દ્ર સરકાર
ને કર્યુ જાહેર માનવ મૂલ્ય પલકવારમાં
શિખ લઈ આ પ્રલયની ઉત્તરા ખંડ સરકાર
શું અટકાવશે ગંગા-યમુના તટે બાંધકામ ?
કે નિરખતા જ રહેશે આમ મહા વિનાશ
ઋષિકેશ-હરિદ્વાર અને કેદાર ? ? ?

□ જ્ઞાનેશ લાપસીયા

શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.)-૩૮૪૨૬૫ ● ફોન:(02766)220203

શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)

કાર્યાલય :મે. પ્રવીણચંદ્ર ઍન્ડ કું., ૨૧, ભાંગવાડી શોપિંગ આર્કેડ, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૨. ફોન:૬૬૩૧૭૮૯૦-૯૯. મો.:૯૮૨૧૦૧૨૫૧૮.

અબોલ, અપંગ, આપાદગ્રસ્ત પશુઓની નિષ્ઠાપૂર્વક સેવા થાય, મૃત્યુની અંતિમ પળોએ આવા જીવોને સમાધિ અપાય ત્યારે તેમના હૈયાના અતલ ઊંડાણમાંથી આશીર્વાદની ધારા, આંખોમાં ડોકાતી પ્રેમની અમૃતધારા અને આર્તધ્યાનમાંથી બચી શૂન્યભાવનાની અંતિમ પળો પામી બંધાતા શુભ આયુષ્ય કર્મના કારણે થતી પૂણ્યની લાગણીથી સેવા કરનાર કે દાતા બની જીવનદાતા બનનાર વ્યક્તિ કે સંસ્થા સ્વ તથા પર કલ્યાણના ભોક્તા બને છે.

- પરિવારમાં જન્મદિનને બનાવો અમારો અભયદિન
- લગ્નોત્સવને બનાવો અમારો જીવનોત્સવ
- સ્વજનના મૃત્યુનો શોક અભયદાનના બળે હળવો બનાવો
- અસહ્ય વેદનામાંથી પશુઓના પ્રાણ ઉગારો
- આપના શ્રીસંઘના જીવદયાની ટીપમાંથી શ્રી પાંજરાપોળને મહદ ફાળો આપવા વિનંતી
- ધાર્મિક મહોત્સવને જીવદયાનો ઉત્સવ બનાવો
- વિકટ સંજોગોમાં આપના આર્થિક સહયોગની અપેક્ષા !
- પશુરોગ સારવાર અને શસ્ત્રક્રિયા કેમ્પ

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ ૮૦ જી હેઠળ કરવેરામાં રાહતનેપાત્ર છે

● સોજન્ય : શ્રી નિરંજનભાઈ અમૃતલાલ શાહ ●

પશુ-પક્ષીઓ માટેની વિવિધ યોજનાઓ

કાયમી શેડ ફંડ	રૂા. ૧૫૧૦૦૦	દૈનિક લાપસી	રૂા. ૧૧૦૦૦
કાયમી નિભાવ ફંડ	રૂા. ૫૧૦૦૦	દૈનિક ઘાસચારો	રૂા. ૭૦૦૦
લાપસી (કાયવી તિથિ)	રૂા.૩૧૦૦૦	માસિક દવા ચિકિત્સા	રૂા.૩૧૦૦૦
આધાર સ્થંભ	રૂા. ૩૧૦૦૦	કાયમી ઘાસ ફંડ	રૂા.૨૧૦૦૦
		કાયમી પક્ષી ચણ	રૂા.૫૦૦૦

લાભાર્થીના નામ આરસની તક્તી પર લખવામાં આવશે

લાભાર્થીના નામ તિથિને દિવસે બોર્ડ પર લખવામાં આવશે

advt

ON THE HOPE EXPRESS

પાટણ વખારના પાડાના માત્ર ૧૮ વર્ષની વયે મુંબઈ આવેલા ૪૧વર્ષના ***શ્રી સમીર વિજયકુમાર ઝવેરી****એ ૧૯૮૯માં બોરીવલી ખાતે રેલવે ટ્રેક ઓળંગતા પોતાના બંને પગ ગુમાવ્યા હતા. ધર્મનિષ્ઠ, ખંત, ખમીર અને ખાનદાનીના વાહક અને ચાહક ભાઈ સમીરને હૈયે હામ અને હિંમત અકબંધ છે. રેલવે પ્રવાસીઓના સુરક્ષા હક્કને બરકરાર રાખવાના પ્રયત્ન સાથે લાંચ-રૂશ્વત સામે તેઓ લાલબત્તી ધરે છે.તેમના જીવનની પ્રત્યેક પળમાં જાગૃતિ પડઘાય છે. તેઓ જાણે છે કે જીવનમાં આધારભૂત સત્યો અને પાસાઓની સુમેળતા અદ્‌ભુત પ્રેરણા પ્રદાન કરે છે. 'મુંબઈ મિરર'માં લેવાયેલ નોંધ બદલ સમીરભાઈને અભિનંદન આપી બિરદાવતા સંસ્થા ગૌરવ અનુભવે છે. વિતેલા વર્ષોની વ્યથાની વણઝાર સામે અડગભાઈ સમીરની ઝિંદાદિલીને સલામ.*

□ સંપાદક સમિતી

Samir Zaveri (Vakhar no Pado) is not a popular name in the administrative corridors of Mumbai's suburban railway offices. To be fair to the officials, they have reason to resent the 41- year old. Zaveri is responsible for the suspension and dismissal of more than 50 Railway Protection Force (RPF) officers and railway officials some charges of corruption, at least two CBI inquiries and endless RTI queries, all leading to embarrassing consequences for the body that runs an urban railway network with the highest passenger density in the world. It's also one of the deadliest, with more than 36,152 deaths recorded between 2002 and 2012.

Zaveri quotes Mahatma Gandhi: "Never let the railway authorities rest in peace, send in complaints wherever necessary, never resort to bribes for obtaining comforts, and never put up with infringement of rules."

Zaveri makes the tragedy sound matter-of-fact. "It took me just three months to recover, " he smiles. A trip to JJ hospital assured him prosthetic feet from the Jaipur Foot Foundation, with which he learned to walk in 21 days. Zaveri is part of a shameful statistic. Close to 10 people lose their lives every day on the city's suburban railway network, ironically called Mumbai's lifeline. Seeking out the injured, befriending them in the handicapped compartment of local trains, informing them of their rights and connecting them with the counsellors took up most of his time. That's when he wasn't waiting for hours to get an appointment with officials to discuss the urgency of medical facilities in the 'golden hour'.

He decicded it was time he was heard. In 2008, he filed a public Interest Litigation for highlighting the need for a medical emergency cantre and a round-the-clock ambulance service at stations. His efforts led to the establishment of a medical centre at Dadar station in 2011, where over 100 commuters recieved first-aid in the first year itself. In March this year, the Bombay High Court directed the Railways to consider setting up similar centres at other suburban stations that had witnessed over 100 deaths in the last one year.

Zaveri has turned his attention to corruption within the Railways. In 2010 he exposed a fake bail bond scam run by RPF officers at Kurla. A 'court' headed by a constable posting as a magistrate was issuing fake bail bonds to let off 'offenders', and pocketing the fines. His PIL in the High Court led to a CBI raid, following which 14 RPF officers were sacked. Counter complaints, fake cases of abduction and death threats have come Zaveri's way, but he'd dodged it all.✶ ✶

શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુ:ખદ અવસાનની સખેદ નોંધ લઈ, પરિવારના દુ:ખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના !

જ્ઞાતિ	મહોલ્લો	સ્વર્ગસ્થનું નામ	વય	સ્થળ	તારીખ	તિથિ
વિશાશ્રીમાળી	વખતજીની શેરી	સૌરભ હરેશભાઈ શાહ	૩૦	પુના	૧૬-૦૫-૧૩	વૈશાખ સુદ-૦૬
વિશાશ્રીમાળી	ચોધરીની શેરી	ચંદ્રાવતીબેન મોહનલાલ શાહ	૮૬	મુંબઈ	૧૭-૦૫-૧૩	વૈશાખ સુદ-૦૭
દશાઓસવાલ	ખડાખોટડીનો પાડો	ચીનુભાઈ બાબુલાલ શાહ (અમરેલીવાળા)	૮૩	મુંબઈ-નાલાસોપારા	૨૩-૦૫-૧૩	વૈશાખ સુદ-૧૩
વિશાશ્રીમાળી	ભાભાનો પાડો	હસુમતીબેન રતિલાલ શાહ	૯૦	પાટણ	૨૬-૦૫–૧૩	વૈશાખ વદ-૦૧
વિશાશ્રીમાળી	કુંભારીયા પાડો	સુશીલાબેન ચીમનલાલ શાહ	૯૦	મુંબઈ-પ્રાર્થના સમાજ	૨૮-૦૫-૧૩	વૈશાખ વદ-૦૪
વિશાશ્રીમાળી	કુંભારીયા પાડો	પ્રવીણચંદ્ર ચીમનલાલ ઝવેરી	૭૬	મુંબઈ-કેમ્પ્સ કોર્નર	૩૦-૦૫-૧૩	વૈશાખ વદ-૦૬
દશાપોરવાળ	ચોધરીની શેરી	પદ્માબેન પ્રવીણચંદ્ર શાહ	૭૮	મુંબઈ-મરીનડ્રાઈવ	૦૨-૦૬-૧૩	વૈશાખ વદ-૦૯

*** ચક્ષુદાન કરેલ છે. ● યુવાનીમાં રક્તદાન ● મૃત્યુ બાદ ચક્ષુદાન ● ત્વચાદાન ● અંગદાન ● દેહદાન કરો અને કરાવો**

સાભાર સ્વીકાર

સિનિયર સિટીઝન કોરપસ ફંડ

૫૦૦૦૦૦ શ્રીમતી હંસાબેન બાલુભાઈ શાહ (ખડાખોટડીનો પાડો)
સ્વ. શ્રી બાલુભાઈ છોટાલાલ શાહની સ્મૃતિમાં

સમાજ વિકાસ કોરપસ ફંડ

૧૦૦૦૦૦ શ્રી સેવંતીલાલ છગનલાલ શાહ
હસ્તે : શ્રી હર્ષદભાઈ સેવંતીલાલ શાહ (તંબોલીવાડો)

૧૦૦૦૦૦ શ્રી મહાસુખલાલ કેશવલાલ શાહ (કલકત્તાવાળા)ની
સ્મૃતિમાં (મારફતીયા મહેતાનો પાડો)
હસ્તે : શ્રી હર્ષભાઈ પંકજભાઈ શાહ

શૈક્ષણિક સહાય કોરપસ ફંડ

૫૦૦૦૦ સ્વ. શ્રી દિલીપભાઈ વાડીલાલ શાહ તથા
શ્રીમતી ભારતીબેન દિલીપભાઈ શાહ
હસ્તે : શ્રી મયૂરભાઈ મહેન્દ્રભાઈ વાડીલાલ શાહ
(શાંતિનાથની પોળ)

વિકલાંગ ઉત્કર્ષ ભેટ

૨૧૦૦૦ શ્રીમતી સુશીલાબેન ચંદ્રકાંતભાઈ મહેતા (કોકાનો પાડો)
હસ્તે : શ્રીમતી હંસાબેન બાલુભાઈ શાહ

શિક્ષણ સહાય ભેટ

૧૧૦૦૦ શ્રી રાકેશભાઈ ચીનુભાઈ શાહ (વખતજીની શેરી)
સ્વ. શ્રી ચીનુભાઈ ચંદુલાલ દોલતચંદ શાહની સ્મૃતિમાં

૨૫૦૦ શ્રી પ્રવીણચંદ્ર નવીનચંદ્ર શાહ (મલ્લાતનો પાડો)
શ્રીમતી કારીકાબેન મીહિરભાઈ શાહ (યુ.એસ.એ.)માં
એમ.બી.એ. થયાની ખુશાલીમાં

૧૦૦૦ શ્રી મણિલાલ ગભરૂચંદ શાહ (મણિયાતી પાડો)
હસ્તે : શ્રી પ્રફુલભાઈ મણિલાલ શાહ

લગ્ન પ્રસંગે ભેટ

૧૦૦૧ શ્રી ભરતભાઈ કંચનલાલ શાહ (કોકાનો પાડો)
ચિ. ગૌરવના લગ્નની ખુશાલીમાં

૫૦૦ શ્રી કૌશીકભાઈ ભગવાનદાસભાઈ શાહ (ભાભાનો પાડો)
ચિ. હિરલના લગ્ન ચિ. નિરજ મુકેશભાઈ શાહ
(સંઘવીનો પાડો) સાથે થયાની ખુશાલીમાં

હેલ્થકેર સાધન ભેટ

૬૨૦૦ શ્રી ચંદ્રકાંતભાઈ મનસુખલાલ શાહ (અબજી મહેતાનો પાડો)
શ્રીમતી તરૂલતાબેન તથા શ્રી ચંદ્રકાંતભાઈ શાહની ૬૨મી
લગ્નતિથિ નિમિત્તે (વૈશાખ સુદ પૂનમ)

૨૫૦૦ શ્રી વિશાલભાઈ હેમેન્દ્રભાઈ શાહ (શાહનો પાડો)

૨૦૦૦ શ્રી હરકિશનદાસ મકનજીભાઈ શાહ

૧૦૦૦ શ્રી કીરીટભાઈ પી. સાલવાલા

૧૦૦૦ શ્રીમતી મેઘનાબેન ડી. દેઢીયા

વૃદ્ધજન સહાય તથા દવા સહાય ભેટ

૧૧૦૦૨ સ્વ. શ્રીમતી ચંદ્રાવતીબેન શાંતિલાલ શાહની સ્મૃતિમાં
(મનમોહનજીની શેરી)
હસ્તે : તેમની પુત્રીઓ તરફથી (ગતાંકમાં સુધારીને વાંચવું)

શ્રી પાટણ જૈન મંડળ-લોઢા ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે ફ્રી મેડીકલ કેમ્પ

શ્રી પાટણ જૈન મંડળના કાર્યકાળના ૧૦૧ વર્ષના મધ્યમાં સેમીનાર અને ઈન્ફોરમેશન સમિતિ દ્વારા મરીન ડ્રાઈવ ખાતે રહેતા સમાજના ભાઈ-બહેનો માટે રવિવાર, તા.૧૭-૦૬-૨૦૧૩ ના **પાટણ જૈન મંડળ સભાગૃહ**, મરીન ડ્રાઈવ ખાતે ફ્રી મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૧૧૨ ભાઈ-બહેનોનું પરિક્ષણ થયેલ.

આ કેમ્પમાં CBC / BMI / ECG / Blood Pressure / Diabetics / ENT Check up / Bone Dencito Meter (Osteoporosis) / Malaria / Blood Group checking and Card Distribution / Lever, Kidny & Lipid Profile / Knee Ache (Arthritis Profile) / Dengue Check up વિગેરે ટેસ્ટો કરવામાં આવેલ.

મેડીકલ કેમ્પ વરસતા વરસાદના વિઘ્ન વચ્ચે પણ સવારે ૯.૪૫ કલાકે શરૂ થઈ ગયેલ અને સંધ્યાના ૪.૦૦ વાગે પૂર્ણ થવા પામેલ. કેમ્પમાં જોડાનાર સભ્યોને વધુ સમય રાહ ન જોવી પડે તેવા આશયથી ૨૫-૨૫ વ્યકિતઓને કલાકના સમયગાળા બાદ નિદાનનો સમય ફાળવાયેલ. જેથી તેઓ તરફથી પણ પ્રસંશા કરવામાં આવેલ. કેમ્પ દરમ્યાન **ડૉ.નિલેશ રોડે, ટેકનીશીયન મનીષા ઠાકરે તથા અંકિતા શિંદે** તેમજ કર્મચારીઓ **ભૂષણ કાંબળે, રાહુલ ચૌહાણ અને રોહન નકાશે** દ્વારા આપેલ સેવાઓ બદલ તેઓ પ્રતિ આભારની લાગણી વ્યકત કરવામાં આવી હતી.

કેમ્પના સઘળા આયોજનમાં માનદમંત્રી **શ્રી દિપકભાઈ કીર્તિકુમાર શાહ** દ્વારા સારી એવી જહેમત ઉઠાવવામાં આવેલ તેમજ કેમ્પ સમયે **ભાવેશ સુધીરભાઈ શાહ, જતીનભાઈ કીર્તિકુમાર શાહ, હીનાબેન ચેતનભાઈ શાહ, પુનીત સૂર્યકાંત શાહ, પલ્લવભાઈ મહેન્દ્રભાઈ શાહ** દ્વારા પણ સુંદર સહયોગ આપવામાં આવેલ. આ ઉપરાંત સંસ્થાના કર્મચારીઓ **શ્રી રાગેશભાઈ,શ્રી જયંતિભાઈ**ની સેવાઓ પણ પ્રશંસનીય રહી હતી.

આ પ્રસગે મંડળના **ટ્રસ્ટી શ્રી ભરતભાઈ નેમચંદ શાહ** તથા **ઉપપ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહે** પણ ઉપસ્થિત રહી ઉમદા માર્ગદર્શન પુરુ પાડેલ હતુ.ફ્રી મેડીકલ કેમ્પનું આયોજન **લોઢા ફાઉન્ડેશના સહયોગ દ્વારા** કરવામાં આવેલ. તે બદલ શ્રી અભિનંદન લોઢા તથાસહકાર્યકરો પ્રત્યે અંત:કરણપૂર્વક આદરભાવ વ્યકત કરી તેમના સહયોગને બિરદાવીએ છીએ.

ઉપર મુજબનો વધુ એક મેડીકલ કેમ્પ શ્રી પાટણ જૈન મંડળના વાતાનુકુલિત સભાગૃહ, મરીન ડ્રાઈવ ખાતે, મરીન ડ્રાઈવ ખાતેના સમાજના પરિવારો માટે, રવિવાર, તા.૭-૦૭-૨૦૧૩ ના રોજ કરવામાં આવશે, જેની નોંધ લેવા વિનંતી.

□ સેમીનાર ઈન્ફોર્મેશન સમિતિ

PATAN PRATIBIMB ● JUNE 2013 ● PRICE Rs. 2/- ● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th or 26th of every month. Regd. No. MH / MR/ South–135 / 2012–14
Published on 15th of every month

SHREE PATAN JAIN MANDAL

SAMAJ VIKAS FUND

EDUCATION SAHAY CORPUS FUND

SEVANTILAL KANTILAL TRUST — Rs. 80 LACS

SAMAJ VIKAS CORPUS FUND

SMT MINABEN & SHRI NITINBHAI JAYANTILAL GABHRUCHAND SHAH & FAMILY USA (Khetarvasi) — $ 1 LAC

MUKHYA DATA

- Babu Panalal Poonamchand Charitable Trust, Khajurino Pado
- Babu Saheb Nanakchandji Pooranchandji Trust, Khajurino Pado
- Babu Jivanlal Panalal Trust, Khajurino Pado
- Smt. Gunvantiben Pravinchandra Keshrichand Shah, Dhandhervado
- Smt. Hasumatiben Rameshchandra Bapulal Shah, By : Shrimati Moniakben Sanjaybhai Shah, Dank Mahetano Pado
- Shri Harsukhlal Bapulal Shah and Shrimati Rasilaben Harsukhlal Shah, By : Shri Nirmalbhai, Shri Anilbhai, Shri Jayeshbhai & Shri Shirishbhai, Lakhiyar Vado/Kanasano Pado
- Smt. Gulabben Ramanlal Shah, Vakhatjini Sheri By : Shri Hitenbhai Pravinchandra Shah
- Smt. Nirmalaben Ravindrabhai Mohanlal Shah, Khajurino Pado
- Shri Mafatlal Chudghar Cheritable Trust, Chodhrini Sheri
- Smt. Subhadraben Ramanlal Shah Charitable Trust, Kumbharia Pado
- Smt. Kusumben Rasiklal Himatlal Shah, Dank Mahetano Pado By : Shrimati Kalpnaben, Shrimati Ashaben, Shrimati Meetaben
- Shri Kirtilal Somchand Shah, Kokano Pado
- Smt. Hansaben Rameshchandra Popatlal Shah, By : Shri Jitenbhai, Kanasano Pado
- Smt. Vasumatiben Sevantilal Shah, Chitarani Khadki
- Smt. Lilavatiben Panalal Manilal Shah, Vasavado
- Shri Deepakbhai Champaklal Jhaveri (Manmohanjini Sheri)By: AashishJhaveri
- Shri Rameshchandra Chhabildas Zaveri, Manmohanjini Sheri
- Late Shri Balubhai Chhotalal Shah, By : Smt. Hansaben, Kharakhotdi no Pado

ADHARSTHAMBH DATA

- Shri Hemantbhai Kantilal Salvi, Salvi Vado
- Shri Shantilal Rikhavchand Shah, Kokano Pado
- Shri Navinbhai Nemchandbhai Shah (Gunderwala), Vasupujyani Sheri
- Shri Navinchandra Khubchand Shah, Dhandhervado
- Smt. Pushpaben Sevantilal Shah, Dank Mahetano Pado
- Shri Sudhirbhai Navinchandra Shah, Marfatiya Mahetano Pado
- Shri Mahasukhlal Keshavlal Shah, By: Shri Pankajbhai, Shri Rohitbhai, Shri Bharatbhai (Marfatiya Mahetano Pado)
- Shri Rakeshbhai Kantilal Shah-Chowpatty. In Memory of Smt. Geetaben Rakeshbhai Shah
- Shri Sureshbhai Chimanlal Choksi, Zaveri Vado
- Shethshri Sevantilal Chaganlal Shah By: Shri Harshadbhai (Tamboli Vado)

SAHAYAK DATA

- Shri J. K. Shah, Bhabhano Pado
- Shri Vinodbhai Hiralal Shah (Ladiwala), Kanasano Pado
- Smt. Vimlaben Bhogilal Shah (Jafujiwala), Tamboli Vado
- Smt. SushilabenVarjivandas Shah, Khajurino Pado
- Shri Shirishbhai Mafatlal Shah, Panchoti Pado
- Shri Sureshbhai Shantilal Shah, Kokano Pado

LAND AND BUILDING FUND

Late Smt. Gitaben Rakeshbhai Shah - Rs. 2 Crores

REVOLVING FUND : Target Rs. 5 Crores

To provide interest free Educational Loan

DONOR	Donation In 5 Yrs.
Smt. Subhadraben Ramanlal Popatlal Shah, Kumbhariya Pado	**Rs. 25 Lakhs**
Smt. Bhagwatiben Vinodbhai Matlivala, Kanasano Pado by Shri Daneshbhai, Shri Bhagyeshbhai, Shri Sukeshbhai, Shri Dhirenbhai	**Rs. 25 Lakhs**
Babu Panalal Punamchand Charitable Fund, Khajurino Pado	**Rs. 15 Lakhs**
Dr. Mahendrabhai Chandulal Shah & Dr. Lilaben M. Shah,USA (Lakhiar Wado)	**Rs. 10 Lakhs**
Late Smt. Jasudben Jamnadas Jhaveri & Late Jamnadas Umedchand Jhaveri (Dhandher Wado) By Late Saraswatiben Jamnadas Jhaveri through her will	**Rs. 10 Lakhs**
Smt. Kanchanben Kantilal Jhaveri (Maniyati Pado) by Smt. Neenaben, Smt. Kalpanaben.	**Rs. 5 Lakhs**
Shri Keshavlal Kilachand Charitable Trust Kumbharia Pado	**Rs. 5 Lakhs**
Smt. Gulabben Chimanlal Valamji Choksi By Smt. Vinaben Sureshbhai Choksi (Zaveri Vado)	**Rs. 5 Lakhs**
Dr.Smt. Kunjbalaben & Dr. Vijaybhai Jayantilal Patni (Manmohanji ni Sheri)	**Rs. 5 Lakhs**
Smt. RohinibenVikrambhai Shah(Dank Mehtano Pado) (In her Memory) By Shri Ronakbhai, Smt. Darshnaben, Shri Shrenikbhai & Smt. Komalben	**Rs. 5 Lakhs**
Late Smt. Kamalaben & Shri Kantilal Prabhudas Jhaveri (Dhandher Vado) By Shri Samir Chandrakant Jhaveri	**Rs. 5 Lakhs**

MEMORIAL FUND

Name of the donor	Amount of donation
● Smt. Pannaben Kapoorchandbhai Sonawala, Manmohanjini Sheri	**Rs. 8 Crores**
● Smt. Nirmalaben (Deviben), Shamlaji ni Sheri. In memory of Late Shri Dhirajlal Popatlal Shah	**Rs. 10 Lakhs**

The donors donating in **MEMORIAL FUND** through their will – it can be utilised for special activities of the **MANDAL**

TO,

Edited,Printed & Published by MAHENDRA NEMCHAND SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.